Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.9 - Issue 1
January 2016
Retail Price 10/-



નિરાકાર પરમપિતા શિવ પરમાત્માના સાકાર માધ્યમ

પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્મા

મુંબઈ મલાડ સેવાકેન્દ્રમાં પધારેલ OMG ફિલ્મના ડાયરેક્ટર ભ્રાતા ઉમેશ શુક્લને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. કુંતીબેન.

વલસાડમાં 'દેવીઓની ઝાંખી'માં MLA ભ્રાતા ભરતભાઈ, મેયર સોનલબેન, પ્રજાપતિ સમાજના પ્રમુખ ભ્રાતા નારણભાઈ, બ્ર.કુ. રજનબેન.

કેશોદમાં 'દિવ્ય પ્રાપ્તિ' ભવનના ખાત મુહૂર્ત કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં પ્રો. ગજેરાભાઈ, કુ. જાનવી લાડાણી, ભાનુબેન અઢીયા, બ્ર.કુ. ચંદ્રિકાબેન તથા બ્ર.કુ. રુપાબેન.

મુંબઈ મુલુંદ ખાતે 'સામાજીક વિકાસ અભિયાન'માં બ્ર.કુ. ગોદાવરીબેન, મહારાષ્ટ્રના આદિવાસી વિકાસ મંત્રી ભ્રાતા વિષ્ણુજી સવરા, નગરાધ્યક્ષ ભ્રાતા સંદિપ વૈધ, પંચાયત સભાપતિ જ્યોતિબેન.

ડીસામાં 'શિવમહિમા–શિક્ષણ' કાર્યક્રમમાં સી.એચ.દોશી હાઈસ્કુલનાં આચાર્ય ભાવસારભાઈ, વિદ્યાર્થીઓ સાથે બ્ર.કુ. જ્યોતિબેન.

જલાલપોરમાં 'મહાભારત મહાસ્પર્ધાઓ' અભિયાનમાં બ્ર.કુ. ભાનુબેનનું મોમેન્ટોથી સ્વાગત કરતા આચાર્ય યઝદી પાત્રાવાલા.



પુનામાં 'ઈન્ડીયા ટુ ડે' ગ્રુપના તંત્રી, સુપ્રસિધ્ધ મીડિયાકર્મી ભ્રાતા રાજદીપ સરદેસાઈને ઈશ્વરીય સૌગાત આપતા બ્ર.કુ. દીપકભાઈ.

રાજકોટ ન્યુ જગનાથમાં બ્ર.કુ. ભગવતીબેનનું સન્માન કરતાં કોરપોરેટર ભ્રાતા અનિલભાઈ લીંબડ તથા BJPનાં કાર્યકર્ત્તાઓ.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૯ | જાન્યુઆરી-૨૦૧૬ | અંક : ૦૧

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- બ્રહ્માબાબાનો અવ્યક્ત ફરિસ્તા .....તંત્રી સ્થાનેથી...04
- દિવ્યગુણોથી યુક્ત હોવા છતાં.....બ્ર.કુ. જગદીશચંદ્ર...07
- વિદેહી બનો .....બ્ર.કુ. સૂર્ય...11
- વિદેશોમાં પણ ફેલાઈ રહ્યો છે .....બ્ર.કુ. સુભાષભાઈ...14
- શિક્ષણમાં આધ્યાત્મિકતા .....બ્ર.કુ. પ્રો. ડો. મમતા...16
- યુવા શોઝ શિવ !.....બ્ર.કુ.. વિવેકાનંદ...19
- મૌન.....બ્ર.કુ. ખ્યાતિબેન...22
- મનુષ્ય જીવનમાં આધ્યાત્મિકતા.....બ્ર. કુ. મધુબેન....24
- જો હિંમત ન હારે વો જિંદગી સંવારે.....બ્ર. કુ. નરેન્દ્ર....26
- ભાવનાત્મક પરિપક્વતા.....બ્ર. કુ. ઈલાબેન...31
- તૃષ્ણા .....બ્ર. કુ. વિઠ્ઠલભાઈ....33

લવાજમના દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨૦૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૦.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧૦૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૦૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

બ્ર. કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨, ૨૨, શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

Phone : 079 - 27621551

મુદ્રક : રાજયોગિની સરલાદીદી

પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

સ્થાનિક સેવાકેન્દ્ર

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.

ગુજરાત ઝોન મુખ્યાલય :

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ગામડીવાળા ડેરી સામે,
ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
Phone : 079 - 25324160, 25324460, 25324660

પ્રકાશન સ્થળ :

રાજયોગ ભવન, ૧, ચતુર્ભુજ કોલોની,
ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ-૨૮.
Phone : 079 - 25431676

Email : gyanamrit.guj@gmail.com, maninagar.amd@bkivv.org

તંત્રી સ્થાનેથી

બ્રહ્માબાબાનો અવ્યક્ત ફરિસ્તા બનવાનો પુરુષાર્થ

સ્મૃતિદિવસ અર્થાત્ પ્રજાપિતા બ્રહ્માનો અવ્યક્ત દિવસ. ૧૮ જાન્યુઆરી, ૧૯૬૯ના દિવસે પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માએ સંપૂર્ણ કર્માતીત સ્થિતિ પ્રાપ્ત કરી અને અવ્યક્ત વતનવાસી બન્યા. આજે પણ પિતાશ્રી બ્રહ્માબાબાનાં દિવ્યજીવન વૃતાંતની સૌરભ દેશ-વિદેશોમાં ફેલાઈ ચૂકી છે. જે અનેક આત્માઓને દિવ્ય અલૌકિક જીવન જીવવાની પ્રેરણા આપે છે. બ્રહ્માબાબા વિશે જેટલું લખીએ તેટલું ઓછું છે. આમ છતાં સાગરને ગાગરમાં સમાવી બ્રહ્માબાબાના દિવ્ય અલૌકિક પુરુષાર્થને અક્ષરદેહ આપવા નમ્ર પ્રયાસ કર્યો છે. બાબાના જીવનમાં નીચેની વિશેષતાઓ અગ્રસ્થાને છે.

સંપૂર્ણ નિશ્ચય અને દૃઢમનોબળ - બ્રહ્માબાબાને બનારસમાં દિવ્ય સાક્ષાત્કારો થયા ત્યારે તેમની વય ૬૦ વર્ષની હતી. હીરાઝવેરાતના વ્યવસાયમાં અર્થ અને યશની પ્રાપ્તિ શિરમોર હતી. આવા સમયે એમને સાક્ષાત્કારોમાં અને પરમાત્માએ સોંપેલા સૃષ્ટિ પરિવર્તનના કાર્યમાં સંપૂર્ણ નિશ્ચય હતો. એની સાથે સાથે માનસપટમાં જે દિવ્યચિત્રો આકાર લઈ રહ્યાં હતાં તેને સાકાર કરવા માટે દૃઢમનોબળ હતું. ૬૦ વર્ષની વય એટલે જીવન સંધ્યાનું સ્વાગત કરવાની વેળા. આમ છતાં બ્રહ્માબાબાએ ૬૦ થી ૯૩ વર્ષની વચ્ચેના 33 વર્ષોમાં જે કાર્ય કર્યું, ફરિસ્તા બની સંપૂર્ણ કર્માતીત બનવાનો જે પુરુષાર્થ કર્યો તે વિશ્વ ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાઈ ચૂકેલ છે. આટલું ભવ્ય, ઉન્નત, ઊર્ધ્વગામી પ્રદાન બ્રહ્માબાબા સમાન કોઈએ કર્યું નથી.

બેહદની ભાવના - પરમાત્મા શિવે જ્યારે બાબાના મરજીવા જન્મનું નામ પ્રજાપિતા બ્રહ્મા આપ્યું ત્યારથી જ બ્રહ્માબાબાનાં મન, વાણી અને કર્મમાં એકરૂપતા જોવા મળી. અલૌકિક પિતા તરીકે વિશ્વના સર્વઆત્માઓ પ્રત્યે પ્રાણીઓ સુધ્ધા પ્રત્યે તેમણે પિતાના વાત્સલ્યની અમીધારાનાં દર્શન કરાવ્યાં. સૌને બચ્ચે બચ્ચે કરી નિર્મળ સ્નેહમાં ભીંજવતા રહ્યા. એમની દૃષ્ટિમાં જે બેહદભાવના હતી તેના ફળ સ્વરૂપે વસુધૈવ કુટુંબકમની ભાવના સાકાર બની. દેશ-વિદેશોમાં બ્રહ્મવત્સો વચ્ચે આજે દૈવી પરિવારના રુહાની સ્નેહની કડી જોડાઈ છે તેના પાયામાં બ્રહ્માબાબાની બેહદની ભાવના છે. જે દેહ નહીં પણ આત્માને જ કેન્દ્રસ્થાને રાખે છે. આજે ઘણાં મઠ, પંથ, સંપ્રદાયોમાં વારસાગત ગાદીપતિની પરંપરા જીવંત છે. ત્યારે જ્ઞાન, ગુણ અને યોગ્યતાના આધારે એમણે દાદી પ્રકાશમણિજીના કરકમલોમાં સંસ્થાનું સુકાન સોંપ્યું. તે કેટલું મહાન, અજોડ અને અધ્યાત્મ ઇતિહાસમાં ઉલ્લેખનીય પ્રદાન છે. તેની પ્રતીતિ સૌને થાય છે.

સંપૂર્ણ સમર્પણ - દિવ્ય સાક્ષાત્કારો પછી પરમાત્માએ સોંપેલા કાર્યના પોતાનાથી જ શ્રી ગણેશ કરી, વિશ્વ સમક્ષ ઉત્તમ ઉદાહરણ રૂપે તેમણે ત્યાગનું ગૌરવ વધાર્યું. બ્રહ્માબાબાએ તન, મન, ધન, સ્થાવરમિલ્કત, પોતાના પરિવાર સહિત સર્વસ્વ સમર્પણ કર્યું. બુદ્ધના ત્યાગને જો મહાભિનિષ્ક્રમણ નામ આપવામાં આવ્યું હોય તો બ્રહ્માબાબાના સંપૂર્ણ સમર્પણને મૂલવવા શબ્દકોશમાં કોઈ શબ્દ જ નથી. તેથી બ્રહ્માબાબાએ જે રીતે, જેટલું અને જેવું સમર્પણ કર્યું તેવું આજ સુધી કોઈ કરી શક્યું નથી. સમર્પણની સાથે સતત યજ્ઞના વિકાસ માટે એમણે જે ભોગ આપ્યો છે તેનો વિશ્વના ઇતિહાસમાં જોટો જડે તેમ નથી.

શ્રેષ્ઠ મૂલ્યો સભર જીવન - બ્રહ્માબાબા પુરુષોમાં ઉત્તમ પુરુષ તરીકે જીવ્યા. બાબાનું વ્યક્તિત્વ એટલું ચુંબકીય હતું કે સૌ બ્રહ્માવત્સોને લાગતું કે બાબા મારા છે. તેમણે રુહાની વિધિ દ્વારા યજ્ઞની વૃદ્ધિ કરાવી. દેહના સંબંધો ભૂલાવી ઉડતા રહેવાનું શીખવ્યું. સમસ્યાઓ, વ્યર્થ સંકલ્પોને પાણીમાં પડેલી રેખાની જેમ પાર કરવાનું શીખવ્યું. આત્માઓમાં શુભભાવના, શુભકામનાઓનો ભરપૂર સ્ટોક ભર્યો. નિમિત્ત આત્માઓને આધારસ્વરૂપ આત્મા બનાવી નવા ઊંચા શ્રેષ્ઠ સંકલ્પો કરતાં શીખવ્યું. બાબા કહેતા, થોડું વિચારો, સમર્થ સંકલ્પ કરો, ખુશીના વિચારો કરો. બાબાએ બેહદની કામના, બેહદની વૈરાગ્યવૃત્તિ રાખી અને વ્યક્તભાવ તથા વૈભવોના ભાવના આકર્ષણથી દૂર રહ્યા. રાજઋષિ બની યોગ દ્વારા કર્મભોગ ઉપર વિજય મેળવ્યો. સદા પ્રસન્નચિત્ત રહ્યા. તેમણે મનનશક્તિ અને જ્ઞાનની ગહનતાની અનુભૂતિ કરાવી. સહજયોગીની સાથે સાથે કર્મયોગી બન્યા. વિશ્વકલ્યાણકારી બની દરેક આત્મા અને પ્રકૃતિ પ્રત્યે પણ શુભભાવના રાખી. તેમની વાણીમાં એટલી શક્તિ હતી કે ઉદાસ આત્મા પણ એમને મળતાં જ પ્રસન્નતાની અનુભૂતિ કરતો. એમના બોલ ઓથોરિટીયુક્ત હતા. ગતિ, સદ્‌ગતિનો રાહ ચીંધી એકરસ, સૂર્ય સમાન ચમકતા રહેવાનો પુરુષાર્થ સ્વયં કર્યો અને બ્રહ્માવત્સોને કરાવડાવ્યો. બાબાએ પરોપકારી બની નામ, માન, શાનનો ત્યાગ કર્યો એટલું જ નહીં પણ બાબા કહેતા 'ગાલી દેનેવાલે કો ભી ગલે સે લગાઓ.' આમ હોપલેસ આત્મામાં પણ હોપ (આશા) જગાવવાનું તેમણે કાર્ય કર્યું. બાબાએ દરેકની વિશેષતાઓ જોવાનું શીખવ્યું. બાબા કહેતા 'ઘરતપરિયે, ધર્મ ન છોડિયે' આમ તેઓ સ્વયં સૌ માટે એક આદર્શ બની રહ્યા.

બાબાએ યજ્ઞવત્સોની એટલે ગહન પાલના કરી છે કે આજે પણ બાબાની પાલના લેનાર દાદીઓ, ભાઈઓ બાબાની શ્રીમત પર યથાર્થ રીતે ચાલી રહ્યા છે. અને અનેક આત્માઓ માટે પ્રેરણારૂપ બની રહ્યાં છે. બાબાએ પ્લેન અને પ્રેક્ટિકલને સમાન બનાવવાની તાલીમ આપી. બાબાએ સેમ્પલ બનવાનો આદર્શ આપ્યો અને શીખવ્યું કે 'જો કર્મ મૈં કરુંગા મુઝે દેખ સબ કરેંગે'. આમ સ્વમાન આપવામાં બાળકોને આગળ રાખ્યાં. બાબાએ સ્નેહ અને શક્તિનું બેલેન્સ રાખી ગમે તેવા કમજોર, નબળા આત્માઓ પ્રત્યે પણ સદા પરિવર્તનની શુભભાવના રાખી. બાબાનું જીવન સર્વદિવ્યગુણોના ગુલદસ્તાથી મહેંકતું હતું. દેવીદેવતા માટે યોગ્યતાના જે માપદંડો છે તે બ્રહ્માબાબાના જીવનમાં દૃશ્યમાન થતા હતા. બાબાએ નારી શક્તિની દિવ્યતા ઓળખી તેને ગૌરવવંતુ સ્થાન આપ્યું.

ફરિસ્તા સ્વરૂપ - યજ્ઞના વિકાસની સાથે સાથે બાબાના આંતરવ્યક્તિત્વનો પણ સદા વિકાસ થતો રહ્યો. તેનો ગ્રાફ ઊંચેને ઊંચે જવા લાગ્યો. ફરિસ્તા સ્વરૂપના ગુણો બાબાના જીવનમાં સૌ અનુભવવા લાગ્યાં. બાબા હદના સંબંધોથી દૂર રહ્યા. સર્વ હદોને પાર કરી સતત ઉપરામ અવસ્થામાં રહેવા લાગ્યા. ઉડતા પંખી સમાન બની રહ્યા. તેઓ ગુણ સ્વરૂપ, શક્તિ સ્વરૂપ, યાદ સ્વરૂપની શ્રેષ્ઠ અવસ્થાએ પહોંચી ગયા. એમના મસ્તકમાં સૌ બ્રહ્માવસ્તો ચમકતી લાઈટનો અનુભવ કરવા લાગ્યા. 'એક બાપ દૂસરા ન કોઈ' એ એમનું જીવનધ્યેય રહ્યું. બુદ્ધિરૂપી વિમાનમાં બેસી વતનમાં ઉડવાનો સતત પુરુષાર્થ કરતા રહ્યા. બાબાના ઓરડામાં યા ઝૂંપડીમાં બાબા આજ સ્થિતિમાં જોવા મળતા. આત્માસ્વરૂપનો અને શિવપિતા સાથે સર્વસંબંધોની અનુભૂતિનો નશો બ્રહ્માબાબામાં

જોવા મળતો. હમણાં હમણાં શરીરમાં આવવું અને હમણાં હમણાં શરીરથી ન્યારા બનવું. એ સ્વાભાવિક ક્રમ બની રહ્યો. કન્ટ્રોલીંગ પાવર અને સમેટવાની શક્તિ ઉચ્ચ સ્વરૂપમાં જોવા મળતી. સ્વયં તો બેદાગ હીરા બન્યા પણ બ્રહ્માવત્સોને પરદર્શન, પરચિંતનથી મુક્ત બનવા પ્રેરિત કર્યા. મનસા સેવા દ્વારા વિશ્વના ખૂણે ખૂણામાં યોગનાં આંદોલનો વહેતા કર્યા. જેનું પરિણામ આજે જોવા મળે છે. બાબાનું દરેક કર્મ ચરિત્ર સમાન ગાયન યોગ્ય બન્યું. બાબા ડબલ લાઈટ સ્વરૂપમાં દૃશ્યમાન હતા. ફરિસ્તા અર્થાત્ વિકારી દુનિયાના વિકારી વાતાવરણ, વાયબ્રેશન્સ, વિકારી સ્વભાવ, સંસ્કાર, વિકારી દૃષ્ટિ યા વૃત્તિથી પરે રહ્યા. સારવાર દરમ્યાન હોસ્પિટલના વાતાવરણને યોગ્યયુક્ત, રુહાનિયતપૂર્ણ બનાવી દીધું. બ્રહ્માબાબાના બોલ ફરિસ્તાના બોલ હતા. થોડા અને મધુર બોલ હતા.

બાબા નષ્ટોમોહા સ્મૃતિસ્વરૂપની અવસ્થામાં જોવા મળતા. યજ્ઞનો વિકાસ, બ્રહ્માવત્સોનો સ્નેહ આ બધું હોવા છતાં અવસ્થા ઉપરામ, યોગયુક્ત જોવા મળતી. સર્વ હિસાબ કિતાબ ચુક્તે કરી કર્માતીત અવસ્થા તરફ બ્રહ્માબાબાનો પુરુષાર્થ આગળ વધી રહ્યો હતો. સર્વ આત્માઓ પ્રત્યે બાબાને રહેમ અને કલ્યાણની ભાવના હતી. બાબા જીવનના છેલ્લા શ્વાસ સુધી સ્વઉન્નતિ અને સર્વની ઉન્નતિમાં કાર્યરત રહ્યા. બ્રહ્માવત્સોના પત્રોના ઉત્તરો પણ આપતા રહ્યા. છેલ્લી ઘડી સુધી રુહાની ટીચરનો રોલ અદા કરી મુરલી ચલાવી. બાબાએ વાણીમાં જ ભાવિ સંકેતો આપી દીધા હતા. નિરાકારી, નિર્વિકારી, નિરહંકારી સ્થિતિમાં સ્થિત થઈ વિશ્વને સ્થૂળરૂપે અલવિદા કરી.

આજે પણ બ્રહ્માબાબા અવ્યક્ત સ્વરૂપે વિશ્વસેવા કરી રહ્યા છે. શિવબાપ સમાન સ્થિતિ હોવાને કારણે અનેક બ્રહ્માવત્સોને અનુભૂતિ કરાવી વિશ્વ નવનિર્માણના કાર્યમાં જોડી રહ્યા છે. બ્રહ્માવત્સોની તીવ્ર આધ્યાત્મિક પુરુષાર્થની અભીપ્સા રાખી નવી દુનિયાનાં દ્વાર ખોલવાનું આવાહ્ન આપી રહ્યા છે.

॥ ૐ શાંતિ॥

- બ્ર. કુ. કાલિદાસ

(પેજ નં. ૧૮નું અનુસંધાન)

વિકારોની અગ્નિમાં સળગી રહ્યું છે. અધર્મ ખૂબ જ ફેલાઈ ચૂક્યો છે. ખતરનાક વિનાશક અણુશસ્ત્રો બની ચૂક્યા છે. માટે જ હે માનવો તમારું કાર્ય આવતીકાલ પર ના છોડશો. કારણ કે આ જીવન એ વિનાશી અને ક્ષણભંગુર છે. માટે જાગો પોતાની શક્તિને ઓળખો અને વિશ્વ કલ્યાણ અર્થ મરી ફીટો. યાદ રહે અત્યારે નહીં તો ક્યારેય નહીં.' રાજયોગની આ અનુભૂતિથી જ આપણે આપણું તેમજ વિશ્વનું કલ્યાણ કરી શકીશું.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૨૩નું અનુસંધાન)

શક્તિ પ્રાપ્ત કરી શકે છે અને જીવનને ઉચ્ચતર સંભાવનાઓના દ્વાર ખોલી દે છે. પાણી આપણે બહારથી નાખીએ તો અંદરથી તરસ છીપાઈ જાય છે, એ જ રીતે બહારનું મૌન અંદરથી વ્યર્થની વિચારધારાને રોકવામાં મદદરૂપ સિદ્ધ થાય છે.

પૂર્ણ મૌનથી આત્મિક અનુભૂતિ

સૂતા પહેલા રાત્રે ૧ કલાક મૌનમાં પ્રભુની યાદમાં બેસવું. અમૃતવેલા સુપ્રભાતમાં પરમપિતા પરમાત્માની યાદથી શાંતિ અને ખુશી પ્રાપ્ત કરો. રસ્તા પર ચાલતા, કાર્ય કરતા એ જરૂર સ્મૃતિમાં રહે કે આપણે મૌનમાં છીએ. જે ક્ષણ મૌનમાં હોય તે ક્ષણ આપની જિંદગીની શ્રેષ્ઠતમ છે. પૂર્ણ મૌનમાં સ્થાપિત થતા જ તમને આત્મિક સ્વરૂપનો અનુભવ થશે, શરીર ભૂલી જશે.

॥ ઓમશાંતિ ॥

દિવ્યગુણોથી યુક્ત હોવા છતાં પણ લોકો બ્રહ્માબાબાને કેમ ઓળખી શક્યા નહીં ?

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

૧૮, જાન્યુઆરીએ અવ્યક્ત થનાર બ્રહ્માબાબા અદ્‌ભુત વ્યક્તિત્વ ધરાવતા હતા. આ અદ્‌ભુત વ્યક્તિત્વ એવું હતું કે જેનો જોટો દુનિયામાં જડે તેમ નથી. એમના સ્મૃતિ દિવસના સંદર્ભમાં હું કેટલાંક ઉદાહરણો આપીશ.

કથની અને કરણીમાં તથા સિદ્ધાંત અને વ્યવહારમાં એકતા

મોટે ભાગે એ જોવા મળે છે કે દરેક વ્યક્તિની કથની અને કરણીમાં કંઈક તો જુદાપણું જોવા મળે છે. મનુષ્યના જેવા વિચારો હોય છે તેને તે પૂર્ણ રીતે વ્યવહારિક જીવનમાં લાવી શકતો નથી. એ માટે તે કોઈને કોઈ પરિસ્થિતિઓને દોષ આપે છે. અથવા તો કોઈ વ્યક્તિઓને દોષિત ગણશે કે તેઓએ અમુક સદ્‌ગુણ ધારણ કરવામાં અડચણો ઊભી કરી. વાસ્તવમાં તો દોષ એના પોતાના અલબેલાપણાનો, ઉતાવળનો યા નિર્બળ સંકલ્પનો જ હોય છે. પરંતુ તે પોતાને મન, વાણી, કર્મથી એક સમાન સિદ્ધ કરવામાં બહાનાઓ શોધે છે. તો આપણે જોઈશું કે એમણે દરેક માન્યતાને સાકારરૂપ આપવામાં કોઈ ખામી નબળાઈની વાત કરી નહીં, પણ વિઘ્ન વિનાશક બનીને તેઓ સદા આંતર બાહ્ય સરળતા, સદ્‌ભાવના અને સદ્‌વ્યવહારના મૂર્તિમંત સ્વરૂપ બની રહ્યા. તેઓ દિવ્યગુણ ધારણ કરવાનો માત્ર ઉપદેશ જ આપતા નહોતા. પણ આ ઉદ્દેશ્યને નજર સામે રાખીને આપણી સમક્ષ તેઓ દિવ્યગુણોની પ્રેરણામૂર્તિ પણ બન્યા. એમણે કહ્યું કે ક્રોધ ના કરો, મોહને ત્યાગો, નમ્રચિત્ત બનો, લોભવૃત્તિથી મુક્તિ મેળવીને સંતુષ્ટમણિ તથા ત્યાગમૂર્ત બનો, તો એમણે સ્વયં પણ એવો દિવ્યગુણ યુક્ત વ્યવહાર કરી બતાવ્યો. કોઈ સારા લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે પણ એમણે લોભ

ના કર્યો. પોતાના નિકટતમ સંબંધીઓની સાથે રહેવા છતાં પણ તેઓ નિર્મોહી બની રહ્યા અને એમની સાથે પણ બીજાઓ સાથે કરતા હોય તેવો 'ન્યારા અને પ્યારા' સૂત્ર અનુસાર વ્યવહાર કર્યો.

બીજી વિશેષ વાત એ છે કે બ્રહ્માબાબાએ કહ્યું કે 'માગવા કરતા મરવું સારું'' એમના પોતાના સાકાર જીવનકાળ દરમ્યાન કેટલીયે વાર કપરી આર્થિક મુસીબતો આવી પણ એમણે કદી કોઈની સાથે મદદ મેળવવા હાથ લંબાવ્યો નહીં. એમણે સ્વયંને ઝીરો (Zero=0) સમજી અને પોતાને બેગર (Beggar-ભીખારી) પણ ગણ્યા આમ છતાં કદી કોઈની સામે ફરિયાદ ના કરી. કોઈની પાસે કંઈ માગ્યું નહીં.

દિવ્યગુણોના ભંડાર

બ્રહ્માબાબાના જીવનમાંથી સર્વના કલ્યાણની ભાવના સ્પષ્ટ રીતે વ્યક્ત થતી હતી. એમની પવિત્રતા અતૂટ હતી, સાધના અખંડ હતી. શુભભાવના, શુભકામના નિત્ય-નિરંતર હતી. આત્મા નિશ્ચયની સ્થિતિ અચલ અને અડોલાયમાન હતી. મિત્રતા અભંગ હતી. પ્રેરણા સતત અને સદાકાલીન હતી. એમના શબ્દો માત્ર

ઓજસ્વી જ નહીં અટલ હતા. કારણ કે તેઓ સત્ય પર અડગ રીતે વળગી રહેતા હતા. તેઓ એટલા નિર્ભય હતા કે સમગ્ર સંસારનો સામનો કરવા માટે સદા તૈયાર હતા. એક શિવબાબા અને પવિત્રતા પર સ્થિર રહેવાની એમનામાં વિશેષ યોગ્યતા હતી. એમનાં શીતળ અંગ જેમને સ્પર્શતાં તે આત્મા ભલે ગમે તેટલો પતિત કેમ ન હોય, કામ, ક્રોધના અગ્નિથી થોડા સમય માટે તો તે શીતળ થઈ જતો હતો.

બ્રહ્માબાબાની યોગ સાધના એટલી ઉચ્ચ કોટિની હતી કે તેઓ યોગીજનોમાં મુકુટમણિ હતા. એમની સમીપતાથી જ સાધકને વિદેહ અવસ્થાની અનુભૂતિ થતી હતી. એમના યોગમાં જ્ઞાનની પરાકાષ્ઠા, દૈવી ગુણોની વિશાળતા, મનની ઉદારતા, પવિત્રતાની અખંડતા, પ્રભુપ્રેમની પ્રબળતા, ત્યાગની વૃત્તિનું સ્થાયી વિદ્યમાનપણું, કર્મ અને વ્યવહારની શ્રેષ્ઠતા, ભાવોની ઉચ્ચતા, સંસાર પ્રત્યેની ઉપરામતા તથા સંકલ્પની દૃઢતા અને એકાગ્રતાનો ભવ્યતમ સમાવેશ થતો હતો. તેઓ શિવબાબાની મહિમાનું વર્ણન કરતાં ભાવ વિભોર થઈ જતા હતા. તેઓ લોક કલ્યાણ નિમિત્ત કર્મો માટે અથક રીતે વ્યસ્ત રહેતા હતા. તેઓ સર્વને નિ:સ્વાર્થ સ્નેહ આપતા હતા. સદા સર્વ માટે શુભભાવના અને શુભકામના રાખતા હતા. સર્વ પ્રત્યે વ્યક્તિગત ધ્યાન આપતા હતા અને એમનું પથ પ્રદર્શન કરતા હતા.

લોકો એમને કેમ ઓળખી શક્યા નહીં ?

સંસારમાં અધિકતર લોકોએ પોતાના સમયની મહાન વ્યક્તિઓને ઓળખી નથી. એમણે એમના સંદેશને સાંભળ્યો નહીં અથવા એની તરફ ધ્યાન આપ્યું નહીં. એમણે ઈશુ ખ્રિસ્તને શૂળીએ ચડાવ્યા, બુદ્ધનો વિરોધ કર્યો, મહમ્મદ પેગંબરની વિરુદ્ધ લડાઈ કરી. અષો જરથુષ્ટ ઉપર પણ અત્યાચાર કર્યા આ રીતે અનેક સંતોને કષ્ટ આપ્યું છે. એનું એક કારણ સદા એ રહ્યું કે એ સમયે જે પ્રચલિત મત મતાંતરો હતા તથા જે શાસ્ત્ર અને ગ્રંથ હતા અને પ્રચારક તથા પુજારી હતા. એમણે લોકોને ભડકાવ્યા કે આ વ્યક્તિ નવી વાતો જણાવે છે. એ વાતોનો પુસ્તકો સાથે કોઈ મેળ ખાતો નથી. એ રીતે બ્રહ્માબાબાએ જ્યારે શિવબાબાના આ મહાસંદેશનું નગારું વગાડ્યું કે ''આ ધર્મગ્લાનિનો સમય છે, હવે પાંચ વિકારોએ સૃષ્ટિને નરક બનાવી દીધી છે, હવે તેને છોડો.'' તો પંડાઓ, પુરોહિતો, પુજારીઓ અને પંડિતોની વકીલાત કરતાં લોકોને ઉશ્કેરવાનું શરૂ કર્યું. સ્વયં શાસ્ત્રોની લખેલી વાતો મુજબ તો તેઓ આચરણ કરી શક્યા નહીં અને ઈર્ષ્યા તથા દ્વેષને વશીભૂત થઈને એમણે પોતાના પિતામહ બ્રહ્માનો પણ વિરોધ કર્યો. સાધારણ તનમાં અવતરિત થયેલા શિવબાબાને ન ઓળખી શકવાને કારણે તથા પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માને ન જાણવાને કારણે એમણે વિરોધો, તોફાનો શરૂ કર્યા.

તેઓ માની બેઠેલા કે બ્રહ્મા ચાર મુખવાળા યા ઓછામાં ઓછા ત્રણ મુખવાળા જ હોય છે. તેથી હવે જ્યારે એમણે જોયું કે આ તો એક મુખવાળા છે, ત્યારે તેઓ વિચારમાં પડી ગયા કે આ બ્રહ્મા કઈ રીતે હોઈ શકે ? એમણે વિચાર્યું કે ધર્મગ્લાનિના સમયે તો કૃષ્ણે આવવું જોઈએ કારણ કેગીતાજ્ઞાન આપતાં કૃષ્ણે કહ્યું હતું કે 'હું ધર્મગ્લાનિના સમયે ફરીથી આવીશ.' પરંતુ આ તો મોરમુકુટધારી, મુરલી મનોહર, કૃષ્ણ તો છે નહીં. ત્યારે એમને એમ લાગ્યું કે કૃષ્ણને બદલે શિવ કઈ રીતે આવી ગયા ? વાસ્તવમાં એમને એ ખબર નહોતી કે ગીતાજ્ઞાન શિવે જ આપ્યું હતું. એમને 'મુરલી' યા 'કૃષ્ણ' ઈત્યાદિની સાચી સમજ નહોતી. તેથી શબ્દાર્થના ચક્કરમાં પડવાથી એમનું દિમાગ ચક્કર ખાઈ ગયું. બ્રહ્માબાબાએ જ્યારે

કહ્યું કે પવિત્ર બનો અને યોગી બનો, ત્યારે એમણે વિચાર્યું કે સંપૂર્ણ પવિત્ર તો હજુ સુધી કોઈ ઋષિ મુનિ બન્યા જ નથી અને યોગ તો આસન-પ્રાણાયામ વિના થઈ જ ના શકે. તેથી એમણે વિચાર્યું કે આ ખોટી વાતો જણાવનારા બાબા છે. આ પ્રકારે જૂઠને સત્ય માનનારા લોકોએ સત્યને જૂઠ માની લીધું.

આમ છતાં બ્રહ્માબાબાએ કહ્યું કે આ સર્વ મારાં વિખૂટા પડેલાં બાળકો છે. માયાએ એમને મારાથી અલગ કરી દીધાં છે. તેઓ મને ઓળખતા નથી તો કંઈ વાંધો નહીં હું એમને ઓળખાણ આપીશ અને એમને પવિત્ર બનાવવાની હું સેવા કરીશ. એમણે એ પણ નક્કી કર્યું કે હું એમને યોગી બનાવીને જ જંપીશ. એમણે કહ્યું ''વત્સો, હું આપને સંપૂર્ણ પવિત્રતા-સુખ-શાંતિનો વારસો આપવા આવ્યો છું. તમારા પ્રત્યે મને અત્યંત પ્રેમ છે. તમને માયાની દલદલ (કીચડ)માંથી બહાર કાઢીને ગુલગુલ (ફૂલસમાન) બનાવીશ. તમને મારી ગોદમાં બેસાડીને, પાંપણો પર સવારી કરાવીને યા તમારી આંગળી પકડીને હવે હું તમને શાંતિધામ અને સુખધામ લઈ જઈશ. વત્સો, હવે તમે પવિત્ર અને યોગી બનો અને આ સર્વ (દિવ્ય) ખજાનાઓ મારી પાસેથી મેળવો.

બાબાની મધુર અમૂલ્ય શિખામણો

મીઠાં બાળકો,

સૌથી સારો ગુણ છે શાંત રહેવું, વધારે અવાજમાં ન આવવું, મીઠું બોલવું. કારણ કે તમારે - બાળકો એ અત્યારે ટોકીમાંથી મૂવી અને મૂવીમાંથી સાયલેન્સમાં જવાનું છે. એટલે અવાજ ઓછો કરો અને ઘણા જ પ્રેમ અને નમ્રતાથી વાત કરવાની છે.

આત્મારૂપી દીપકમાં જ્ઞાન અને યોગનું ઘી દરરોજ આપતા રહેવાનું છે. જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી શીખવાનું છે. આત્મિક અભ્યાસમાં કદી થાકવાનું નથી.

તમારે કદી પણ આડી અવળી વાતો સાંભળવી પણ નહીં અને કોઈને સંભળાવવી પણ નહીં. જ્ઞાનની જ વાતો સાંભળો અને સંભળાવો.

બાપ સમાન સાક્ષી બનીને યોગબળથી પોતાના વિકર્મોનો બોજો ચુક્તે કરતા જાઓ તો વિકર્માજીત બની જશો.

તમારા જવાબદાર સ્વયં ભગવાન બાપ છે. તમે નિમિત્ત બનીને દરેક કર્મ કરતા રહો તો સદા હળવા અને બેફિકર બાદશાહ બની રહેશો.

કદી કોઈની ઘૃણા કરવી નહીં. કોઈનો

તિરસ્કાર કરવો નહીં. સર્વ સાથે આત્મિક રીતે વ્યવહાર કરવાનો છે.

ગફલત કરો નહીં. સમયને ઓળખો. પોતાના અલબેલાપણાને છોડો. ઊંચું ભાગ્ય બનાવો.

રોજ લક્ષ્ય રૂપી સાબુથી આત્મારૂપી વસ્ત્રને સાફ કરો. જેવું લક્ષ્ય સામે હશે, તેવાં લક્ષણ આવશે.

જે કર્મ કરવાથી દિલ ડંખતું હોય, તે કર્મ કદી કરવાં નહીં. તમારી કથની અને કરણી સમાન હોય. મિયા મિઠ્ઠું બનવાનું નથી.

જેવું અન્ન, તેવું મન એટલે ભોજનની પણ પરેજી પાળવાની છે. તમારી ચલન, ખાનપાન સર્વ રોયલ હોવું જોઈએ. અશુદ્ધ ભોજનનો ત્યાગ કરીને સાચા વૈષ્ણવ બનવાનું છે.

તમારે અપકારીઓ ઉપર પણ ઉપકાર કરવાનો છે. દુશ્મનને પણ પોતાનો મિત્ર સમજવાનો છે. 'નિન્દા હમારી જો કરે, મિત્ર હમારા સોઈ.'

તમે હોલી હંસ છો. તમારે સર્વના ગુણ રૂપી મોતી ચણવાના છે. અવગુણ રૂપી કાંકરા નહીં.

સંગની પણ ઘણી જ સભાનતા રાખવાની છે. એક સંગ તારે છે, અને બીજો ડૂબાડે છે. એટલે કે કુસંગથી સદા મુક્ત રહો.

પોતાના સંસ્કારોને સંપૂર્ણ પાવન બનાવવા માટે દેહ સહિત દેહના સર્વ સંબંધોને ભૂલીને પોતાને આત્મા સમજી એક નિરાકાર પરમપિતા શિવને જ યાદ કરો.

ઈચ્છાઓના દાસ નહીં બનો પણ ઈચ્છાઓને સમાપ્ત કરી માયાના દગાથી બચો ઈચ્છા માત્રમ્ અવિદ્યા બનો.

અમૃતવેળાએ ઉઠીને બાબાને શ્વાસો શ્વાસ યાદ કરો. પોતાના અમૂલ્ય સમયને સફળ કરો.

તમે સાચા સાચા ખુદાઈ ખિદમતગાર છો. તમારે સદા સેવામાં તત્પર રહેવાનું છે. કદી પણ થાકવાનું નથી.

તમારે સર્વ પ્રત્યે શુભભાવના રાખી, રહેમદિલ બની બીજાઓનું કલ્યાણ કરવાનું છે. સર્વને સાચુ સ્વમાન આપવાનું છે.

તમારે દરરોજ પુણ્યનું કામ કરવાનું છે. સૌથી મોટામાં મોટું પુણ્ય છે બીજાઓને પરમાત્મા શિવની યાદ અપાવવી, પવિત્ર જીવન જીવવું તે.

દાનનું ઘણું મહત્ત્વ છે. તો તમારે જ્ઞાનદાનની સાથે ગુણોનું પણ દાન કરવાનું છે.

॥ ઓમશાંતિ॥

(પેજ નં. 30નું અનુસંધાન)

આપણને શક્તિ પ્રદાન કરશે, જે અનેક સમસ્યાઓ, ડર-ભય, અસુરક્ષાની લાગણી, સંબંધોમાં તનાવ, અસહકાર વગેરેને દૂર કરીને આત્મવિશ્વાસમાં વધારો કરીને આપણી આંતરિક અવસ્થા (સ્થિતિ)ને મજબૂત બનાવશે. ખુદા દોસ્તનો સાથ લઈને, ચાલો ત્યારે, ઉમંગ-ઉત્સાહથી ભરપૂર થઈને, ડરને દૂર ભગાડીને, આત્મવિશ્વાસ જગાડીને, આંતરિક શક્તિઓની જાગૃતિ દ્વારા આ સમગ્ર વિશ્વને નીડર, સત્યનિષ્ઠ, આત્મ સન્માનયુક્ત, સુખદાયી, પ્રેમપૂર્ણ સ્વર્ગ બનાવી દઈએ.

॥ ઓમશાંતિ ॥

વિદેહી બનો

બી.કે. સૂર્ય, માઉન્ટ આબુ

આ સમસ્ત સંસાર મારા તારાના દેહ અભિમાનને કારણે અનેક ઈચ્છાઓ તથા કામનાઓથી પીડિત છે. જેને પણ મળો તે પોતાની દુઃખભરી વાતો કહેતાં થાકતું નથી. કામ વિકારે મનુષ્યની આંતરિક શક્તિઓને સળગાવીને રાખ બનાવી દીધી છે. ક્રોધે પારિવારિક સુખોને ઘોર દુઃખમાં બદલી દીધાં છે. લોભ મનુષ્યને રાતદિવસ નચાવી રહ્યો છે, એને દોડાવી રહ્યો છે, એને શાંતિની ઊંઘ લેવા દેતો નથી. લોભના આ ભયંકર પ્રકોપે મનની શાંતિ છીનવી લીધી છે. મોહ મમત્વ તથા આસક્તિઓ મનુષ્યને તનાવગ્રસ્ત બનાવીને એના જીવનનો આનંદ લઈ લીધો છે.

સંસારની અત્યંત દયાજનક સ્થિતિને સુધારવાનું કામ રાજનૈતિક સત્તા કે વિજ્ઞાનની સત્તા પણ કરી શકશે નહીં. હવે ધર્મસત્તા કે બીજી કોઈ સત્તામાં એને બદલવાની શક્તિ રહી નથી. હવે સૌની નજર માત્ર એક તરફ છે, એની શક્તિઓ અનંત છે.

ઈશ્વર એક છે. એની શક્તિઓ અનંત છે. એની શક્તિઓને સ્વયંમાં સમાવનાર સમગ્ર વિશ્વમાંથી પસંદ થયેલ ૧૦૮ મહાન આત્માઓ છે. જેઓ રાજયોગના માધ્યમથી પરમાત્મ શક્તિઓને સ્વયંમાં ધારણ કરી લે છે. આ સર્વની શક્તિઓ એક સાથે મળીને દુઃખ, અશાંતિ, તનાવ, સમસ્યાઓ અને તોફાનોમાં ગ્રસ્ત માનવને દેવત્વની તરફ લઈ શકે છે અને આ સંસાર કલિયુગી રાત્રીમાંથી સતયુગના દિવસમાં પ્રવેશ કરે છે.

સર્વ બ્રહ્માવત્સ જાણે છે કે સૃષ્ટિ નિયંતા હવે આ ખેલને પૂરો કરવામાં છે. એને અંતિમ સીટી વગાડવાની છે. એ આ ૧૦૮ મહાન આત્માઓની વિદેહી બનવાની પળોની રાહ જોઈ રહ્યો છે. એણે સ્વયં એ માટે એમને સહજ સાધનાઓ શીખવાડી છે અને પોતાનું બળ તથા વરદાન આપીને આ અંતિમ મંઝિલની તરફ આગળ ધપાવ્યા છે. આ ચર્ચામાં આપણે વિદેહી સ્થિતિનું વિશ્લેષણ કરીશું.

વિદેહી અવસ્થા

વિદેહી અવસ્થા એક સ્થિતિ છે અને આ સ્થિતિને પામવાનું સાધન છે અશરીરીપણાનો અભ્યાસ, પોતાના ફરિસ્તા સ્વરૂપનો અભ્યાસ અથવા યોગયુક્ત રહેવાનો અભ્યાસ. સમગ્ર દિવસમાં આઠ કલાક યોગયુક્ત રહેનાર સહજ રીતે આ સ્થિતિને પ્રાપ્ત કરી શકે છે.

આ સ્થિતિને સ્પષ્ટ કરવા માટે આપણે પ્રસિદ્ધ રાજા જનકનું ઉદાહરણ લઈએ છીએ. પૌરાણિક ગાથાઓમાં રાજા જનકની અવસ્થાનું કંઈક આ પ્રકારે વર્ણન છે.

- રાજા જનક વિદેહી રાજા હતા.
- રાજ કામ કરતાં પણ ન્યારા હતા.
- તેઓ સાધનો તથા વૈભવોનો ઉપયોગ કરવા છતાં પણ ઉપરામ રહેતા હતા.

વિદેહી અવસ્થાની વ્યાખ્યા

- વિદેહી યોગી દેહમાં રહેવા છતાં પણ એ અનુભવ કરે છે કે જાણે તે આ દેહમાં નથી.
- આ અવસ્થા ધારણ કરનાર આત્મા કર્મ કરવા છતાં પણ પોતે કંઈ પણ કરતો નથી એવો અનુભવ કરે છે. સર્વ કાંઈ કરન કરાવનહાર (પરમાત્મા) કરાવી રહ્યા છે. તેવું માને છે.

- કર્મ તથા સેવા કર્યા પછી તેઓ ઉપરામ થઈ જાય છે.
- આવો વિદેહી આત્મા સર્વને જોવા છતાં સાક્ષી તથા નિશ્ચિંત રહે છે.
- આવી મહાન સ્થિતિ ધારણ કરનાર યોગી વસ્તુઓ, સાધનો તથા વૈભવોનો ઉપયોગ કરવા છતાં, ભોજન કરવા છતાં એમાં આસક્ત થતો નથી પણ ન્યારો રહે છે.

અભ્યાસ કરતાં કરતાં તે યોગી ધીરે ધીરે હળવો થતાં ઉપરામ સ્થિતિએ પહોંચે છે. પરંતુ આ અવસ્થા સુધી પહોંચવામાં વધારે અભ્યાસની જરૂર છે. જ્યારે યોગી આ સ્થિતિએ પહોંચે છે પછી એના ઉપર તમોપ્રધાન વિશ્વના વાતાવરણનો કોઈ પ્રભાવ પડતો નથી. પરિસ્થિતિઓ તથા સમસ્યાઓ એને પોતાને આધીન રાખી શકતી નથી. એનું મન પ્રશ્નોમાં, ફરિયાદોમાં, મૂંઝવણોમાં અને મારા તારામાં પડતું નથી. તે તો ઈશ્વરીય મિલનમાં મગ્ન રહે છે. એની બુદ્ધિ સ્થિર રહે છે. સર્વ શક્તિવાન પાસેથી શક્તિઓ પ્રાપ્ત કરવામાં તે તો આનંદિત રહે છે એની સાથે વાતો કરે છે.

સ્વયં પરમશિક્ષક ભગવાને હવે આપણને પડકાર ફેંક્યો છે કે ઓછામાં ઓછાં ૧૦૮ આત્માઓ તો વિદેહી બને. કારણ કે હવે આપણે વિનાશકાળમાં પ્રવેશી રહ્યા છીએ. વિજયી રત્ન બનવાની આપણી સ્પર્ધા છે. માયા ઉપર સંપૂર્ણ રીતે વિજયી હોય તેવા ૧૦૮ આત્માઓ સમગ્ર વિશ્વમાંથી પસંદ થઈ રહ્યા છે. ઘણી મોટી સ્પર્ધા છે અને આ સ્પર્ધામાં જીતવા માટે વિદેહી અવસ્થાની જરૂર છે.

આપણે ૨૦૧૬ના અનુપમ વર્ષમાં પ્રવેશી ચૂક્યા છીએ તો આપણે આ વર્ષ કઈ રીતે વીતાવવા ઈચ્છીએ છીએ, તેનું ગહન ચિંતન કરીએ. ઓછામાં ઓછું પાંચ મુદ્દાનો કાર્યક્રમ બનાવીએ.

- આ વર્ષમાં સાચી લગનથી, દૃઢ સંકલ્પથી શ્રેષ્ઠ પુરુષાર્થ કરવાની ધૂન લાગવી જોઈએ. આમ કરનારને પરમપિતા દ્વારા વિશેષ મદદ અવશ્ય મળશે.
- ગૃહસ્થ વ્યવહારમાં રહેનારા તથા અન્ય માટે આ પ્રકારનો અભ્યાસ જરૂરી છે. દિવસમાં દસથી પચીસ વાર આ અભ્યાસ કરીએ, તો વધારે કાંઈ કરવાનું રહેશે નહીં.
- યોગયુક્ત બનીને એક દૃશ્યનું નિર્માણ કરીએ કે વતનમાંથી અવ્યક્ત બાપદાદા નીચે ઊતરીને મારી સામે આવી રહ્યા છે. અને મને યાદ અપાવી રહ્યા છે કે બાળકો, ફરિસ્તા બનીને મારી સાથે ચાલો. અને આપણે ફરિસ્તા બનીને એમની સાથે વતનમાં જઈએ છીએ. દિવસમાં વારંવાર આ અભ્યાસ કરીએ.
- હું આત્મા યા ફરિસ્તા આ દેહમાં અવતરિત થયો છું. વતનથી બાપદાદા (પરમપિતા શિવ પરમાત્મા અને અવ્યક્ત પ્રજાપિતા બ્રહ્મા) મારી સામે આવે છે અને યાદ અપાવે છે કે બાળકો, તમારું કાર્ય પૂર્ણ થયું, હવે ચાલો મારી સાથે અને અમે બંને ઉડીને વતનમાં જઈએ છીએ.
- આપણે આ વર્ષ માટે દૃઢતાપૂર્વક કેટલાક નિયમો નીચે આપ્યા છે.
- આપણે મારા તારાના દલદલ (કાદવ)માં ફસાઈશું નહીં.
- હું નિષ્કામ - નિ:સ્વાર્થભાવથી કાર્ય કરીશ.
- હું સમગ્ર વર્ષ પરોપકારી બનીશ.
- હું કોઈપણ વાતમાં કોઈનાથી સંઘર્ષમાં આવીશ નહીં.
- હું અનુમાનના આધારે વ્યર્થચિંતન કરીશ નહીં. ઈશ્વરીય મહાવાક્ય છે - જે વ્યર્થ તથા

નકારાત્મક ચિંતનથી મુક્ત રહેશે. તેજ વિજયી રત્ન બનશે. તો આ વર્ષ સ્વયં પ્રતિજ્ઞા કરીએ કે આ વર્ષને 'વ્યર્થ તથા નકારાત્મક ચિંતનથી મુક્ત વર્ષ' તરીકે ઉજવીશું. દર રવિવારે પોતાની પ્રતિજ્ઞાને યાદ કરીએ અને સ્વયંમાં પ્રેરણા ભરીએ.

સ્વયંને વિદેહી બનાવવા માટે આ અભ્યાસની સફળતા માટે આપણે ચાર વાતોનો ત્યાગ કરીએ. તમે જોશો કે આ ત્યાગ પછી વ્યર્થનું નામ-નિશાન રહેશે નહીં.

- ઈચ્છાઓનો ત્યાગ
- વીતી ગયેલી વાતોના ચિંતનનો ત્યાગ
- અશુભ તથા બદલાની ભાવનાનો ત્યાગ
- સંગ્રહવૃત્તિનો ત્યાગ

કોઈપણ મહાન અવસ્થા ત્યાગ વિના પ્રાપ્ત થતી નથી. વસ્તુઓનો ઉપયોગ એનામાં આસક્તિ જન્માવે છે, કર્મેન્દ્રિયોનો રસ મનને સાંસારિકતા તરફ લઈ જાય છે, દૂષિત તથા નકારાત્મક વૃત્તિઓ મનુષ્યના મનને વિના કારણે ભટકતું કરી દે છે. પોતે ઉદાસ કેમ છે એની પણ એને ખબર હોતી નથી. એનો આનંદ કયાં ચાલ્યો ગયો તેની પણ તેને ખબર પડતી નથી અને આમ ધીરે ધીરે તે પુરુષાર્થહીનતા તરફ વળે છે.

એટલે યોગીઓનું જીવન ત્યાગ તથા તપસ્યાનું જ્વલંત ઉદાહરણ બને. આપણો સમય તથા શક્તિઓ હવે ઈશ્વરીય પ્રાપ્તિના સમયે જે જરૂરી નથી તેવી સાંસારિક પ્રાપ્તિઓ તરફ ન વળે. કારણ કે તે સૌનો હવે વિનાશ થવાનો છે.

આપણા ત્યાગનું તેજ વિકારોને નિસ્તેજ બનાવી દેશે. આપણો ત્યાગ સંસારને સંપન્નતાની તરફ લઈ જશે. આપણો ત્યાગ શ્રેષ્ઠ બળ બનીને મનુષ્યોની નિર્બળતા દૂર કરશે. આપણો ત્યાગ સંસારમાં ધર્મ તથા અધ્યાત્મની પુનઃ સ્થાપના કરશે. એટલે ત્યાગ ભાવને ઘટવા ના દો.

આપણી સાધનાઓ સરળ છે, માત્ર મહાન લક્ષ્ય અને લગનનો અભાવ છે. બહાનાં કાઢવાં નિરર્થક છે. કર્મ કરવા છતાં આ સાધના કરી શકાય છે. પરંતુ જે સાચા દિલથી સાધના કરવા ઈચ્છે છે, તે જ કરી શકે છે.

આપણે સત્વરે એ જોઈ શકીશું કે જેઓએ પોતાની અવસ્થા વિદેહી બનાવી હશે, તેઓ જ સુખી રહેશે. તેઓ જ દાતા બની જશે, તેઓ ઈષ્ટદેવ બનીને સર્વને સહારો આપશે, એમના દ્વારા નીકળતાં આંદોલનો બીજાઓને સુરક્ષા તથા નિર્ભયતા આપશે. અને જેમણે પોતાની અણમોલ પળોને સંઘર્ષમાં જ વીતાવી હશે, જેમણે વ્યર્થ ચક્કરમાં ઈશ્વરીય પ્રાપ્તિને ભૂલાવી દીધી હશે. જેઓ તારા મારા યા માન-મહિમાના કુચક્રમાં જ ફસાયેલા હશે, જેમણે બીજાઓને પાડવા, ચઢાવવામાં સંગમયુગ પર પાપનું ખાતું વધાર્યું હશે અથવા જેઓ વિકારોને નષ્ટ કરી શક્યા નથી તો સરસવની જેમ ઘંટીમાં દળાઈ જશે. જેમણે ભગવાનના અવાજ પર ધ્યાન નહીં આપ્યું હોય, તેમનો અવાજ કોઈ સાંભળશે નહીં પછી પશ્ચાતાપનો અગ્નિ જ એમને પાપ-મુક્ત બનાવીને સંપૂર્ણતાની તરફ લઈ જશે.

એટલા માટે બુદ્ધિવાન આત્માઓને નિવેદન છે કેસમયની ગતિને ઓળખે, ખેલ પૂરાં થવાનો જ છે. સમયના પડકારો ઉપર ધ્યાન આપીને ભગવાનની એ પાલનાનો લાભ ઉઠાવીએ. માત્ર ઈશ્વરીય શક્તિ જ હવે સાચો સહારો બનશે. અને યોગીજનોએ તો એ સમયે ભગવાનના સાચા દૂત બનીને અલૌકિક પાર્ટ બજાવવાનો છે. એમણે તો બીજાઓના મનનો પોકાર સાંભળીને એને મદદ કરવાની છે. આવા મહાન કાર્ય માટે નિમિત્ત બનનાર આત્માઓ શું કરી રહ્યા છે?

॥ ઓમશાંતિ ॥

વિદેશોમાં પણ ફેલાઈ રહ્યો છે અધ્યાત્મનો પ્રકાશ

બી.કે. સુભાષભાઈ, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ

બ્રહ્માકુમારી સંસ્થાના પૂર્વ મુખ્ય પ્રશાસિકા દાદી પ્રકાશમણિજી જ્યારે પણ વિદેશી ભાઈઓ-બહેનોને જોતાં હતાં તો હમેશા કહેતાં કે આપ પૂર્વજન્મમાં ભારતમાં જ હતાં. આ અંતિમ જન્મમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો વિસ્તાર કરવાની ઈશ્વરીય સેવા માટે આપ ભિન્ન ભિન્ન સ્થાનો પર, ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓમાં ગયાં છો.

દાદી જાનકીજી (વર્તમાન મુખ્ય પ્રશાસિકા) એ ઈ.સ. ૧૯૭૪માં વિદેશ સેવાની જવાબદારી ઉપાડી. દાદીજીએ પોતાના યોગબળ તથા દિવ્યગુણોની ધારણાના બળ ઉપર પાશ્ચાત્ય જગતના લોકોમાં અધ્યાત્મ તથા રાજયોગનો પ્રકાશ ફેલાવ્યો. ત્યાંના લોકો જીવનની ભૌતિકતા તથા વિલાસિતામાં મગ્ન હતા. માનવીય મૂલ્યોથી સભર દાદીજીના નિર્મળ, પવિત્ર અને પ્રકાશદાયી જીવનથી વિદેશના ભાઈબહેનોમાં પરિવર્તન આવ્યું. જ્યાં દાદીજીએ દિનરાત સેવા કરીને અનેક આત્માઓનું જીવન શ્રેષ્ઠ બનાવ્યું તે વિદેશની દાદીજીની કર્મભૂમિ લંડનને જોવાની ઘણી ઉત્કંઠા હતી. દાદીજી અને બ્ર.કુ. જયંતીબહેનના માર્ગદર્શનમાં અમને ઇંગ્લેન્ડ તથા યૂરોપયાત્રાની સુંદર તક મળી.

વિદેશોમાં બ્રહ્માકુમાર ભાઈ-બહેનોનું અનોખું અલૌકિક જીવન

યૂરોપના આચારવિચાર, ખાનપાન તથા રહેણીકરણીને જોઈએ તો ભારતની તુલનામાં તે ઘણું જુદું છે. ત્યાંના લોકો વ્યસનોથી ટેવાયેલા છે અને તેને તેઓ ખરાબ માનતા નથી. આવી વિલાસિતાના વાતાવરણમાં રહીને પણ જો ત્યાંના નિવાસી અધ્યાત્મ તથા નિયમિત રાજયોગનો અભ્યાસ કરીને પોતાના જીવનને શુદ્ધ સાત્ત્વિક ખાનપાન તથા પવિત્ર આચરણથી સંપન્ન બનાવે તો એ અદ્‌ભુત પરમાત્મશક્તિનું પ્રમાણ છે.

ત્યાં નિયમિત રાજયોગનો અભ્યાસ કરનારા તથા બ્રહ્માકુમારી સેવાકેન્દ્રનું સંચાલન કરનારા લગભગ સૌ બ્રહ્માકુમાર ભાઈબહેનો પોતાની લૌકિક નોકરી વગેરે કરે છે. દિવસભર અધિક વ્યસ્તતા હોવા છતાં પણ એમની દિનચર્યા બ્રહ્મમૂહુર્ત ચાર વાગ્યાથી શરૂ થાય છે. તેઓ અમૃતવેળાનો ૪ થી ૫ નો યોગ કરવાનું કદી ચૂકતા નથી. જે નિયમિત વિદ્યાર્થી છે એમની દિનચર્યા પણ સવારે અમૃતવેળાથી શરૂ થાય છે. કેટલાક લોકો તો સ્નાનાદિથી પરવારી ઓફિસ જવાની તૈયારી સાથે જ સેન્ટર પર મુરલી (ઈશ્વરીય મહાવાક્ય) સાંભળવા આવે છે અને સેન્ટરથી જ સીધા પોતાના નોકરીના કાર્યક્ષેત્ર પર નીકળે છે. તેઓ ઈશ્વરીય નિયમોને પણ એટલા જ પ્રેમથી પાળે છે. એમની દિનચર્યા જોતાં એમના પ્રત્યે આદરભાવ જન્મે છે. ત્યાં ઈન્ટરનેટના માધ્યમથી પણ અનેક દૂર રહેનારા ભાઈબહેનો મુરલી સાંભળે છે. જર્મનીના એક ભાઈએ તો સતયુગી ભારતનાં ગામડાં કેવાં હશે, ત્યાં મકાન કેવાં હશે એની કલ્પનાને સાકારરૂપ આપ્યું છે. વિદેશીઓને અતૂટ નિશ્ચય છે કે સતયુગી દુનિયાનું કેન્દ્ર બિન્દુ ભારત છે. ભારતમાં જ નિરાકાર શિવ પિતા આવીને સુખ શાંતિમય સતયુગી દુનિયાનું નિર્માણ કરી રહ્યા છે.

વ્યસ્ત જીવનચર્યા

યૂરોપમાં દરેક માનવે સ્વયંને નોકરી, વેપાર અને નિયમોમાં એટલા જકડી દીધા છે કે આપણે ભારતવાસી આવા જીવનનો વિચાર પણ કરી ના શકીએ. ત્યાં આપને એક એકથી ચડિયાતી કાર

જોવા મળશે પણ એની સફાઈથી લઈને ચલાવવા સુધીનું કામ તમારે પોતે જ કરવું પડે. પેટ્રોલ પણ તમારે સ્વયં જ ભરવું પડે. આપનું ઘર સારામાં સારું હશે, તેમાં દરેક પ્રકારની સુખ-સુવિધાઓ મળશે. કારપેટથી લઈને હીટીંગ સુધીની વ્યવસ્થા હશે. બાથરૂમમાં પણ હીટીંગ સીસ્ટમ મળશે પરંતુ તેની પૂરી સફાઈ આપે જ કરવી પડશે. આપના કીચનમાં ફ્રીજ, ગેસ, વાસણો ધોવાનું મશીન સર્વ કાંઈ હશે પરંતુ તેનો ઉપયોગ આપે જ કરવો પડે. આપના કીચનમાં સારામાં સારા ફળો, જ્યુસ, બ્રેડ વગેરે ચીજો હશે પણ ભોજન આપે જ બનાવવું પડશે. ત્યાં મોંઘવારી એટલી છે કે નોકર રાખવાનું તમે વિચારી પણ ના શકો. આ કારણે જ જે મનુષ્ય સવારથી સાંજ સુધી સોમવારથી શુક્રવાર સુધી મશીનની જેમ ભાગતો રહે છે. શનિવાર અને રવિવારે ઘરનાં બધાં કામ એને જ કરવાં પડે છે. આ રીતે સપ્તાહ પછી સપ્તાહ અને માસ પછી માસ પસાર થઈ જાય છે. એમને એકબીજા સાથે વાત કરવાનો સમય મળતો નથી. બસ ચાલતા ફરતા મશીન બનીને જીવે છે. એમના ઘરમાં કોઈ મહેમાન તો આવતા જ નથી અને આવે તો કદી રહેતા જ નથી. હેલો, હાય પછી એમનું કાર્ય પૂરું થઈ જાય છે. તેઓ પોતાના ઘરની ચાવીઓ મહેમાનને આપીને રસોડુ બતાવીને પોતાના કામ પર જાય છે. આ રીતે આખું વર્ષ વીતાવ્યા પછી એટલા તનાવ અને બોજાનો અનુભવ થાય છે કે તેઓ વર્ષમાં બે માસ માટે રજાઓ માણવા દૂર નીકળી જાય છે અને પોતાને ખુશ રાખવા માટે બધી કમાણી વાપરી નાખે છે. એના બદલે ભારતમાં સમગ્ર પરિવાર એક સાથે રહે છે. એક રોટલી પણ કોઈએ ઓછી ખાધી તો તેની ખબર પડે છે. પરિવારનાં કહે છે આજે રોટલી ઓછી કેમ ખાધી ? આપની કાર કદી ખાલી જશે નહીં. ક્યાંક જાઓ તો કાર ભરેલી હશે. આપે માત્ર વ્યવસ્થિત નોકરી કરવી પડે. બાકી કામ ઘરના સભ્યો સંભાળી લે છે. ક્યારેક તો આપનું ટીફીન આપની ઓફિસે પહોંચાડે છે. કોઈ મહેમાન આવે તો તેનું પૂરું ધ્યાન રાખવામાં આવે છે. એમની સાથે કેટલોક સમય વીતાવે છે. એમની સાથે બેસીને ભોજન કરે છે. આપની પાસે ધન ઓછું હશે, સાધન ઓછા હશે છતાં પણ દરેક પળ પ્રસન્નતાથી વીતાવવાની કોશિશ કરશે. પરિવારવાળા આપનું ધ્યાન રાખશે. આપનો પગાર ઓછો હશે પણ આપ પોતાના પરિવારની દરેક જરૂરિયાત પૂરી કરવાની કોશિશ કરશો. એટલે ભારતવાસીઓ સામે ગમે તેટલી સમસ્યા હોય પણ પોતાનું જીવન કમળપુષ્પ સમાન વીતાવવાની કોશિશ કરે છે. સમસ્યા હોવા છતાં પોતાના મિત્ર સાથે એક કપ ચા જરૂર પીશે અને પોતાના દુઃખોને ભૂલવાની કોશિશ કરશે.

કાનૂન વ્યવસ્થા - ત્યાંની સરકારે ઘણી સુખ સુવિધાઓ આપી છે પરંતુ સૌને કાયદામાં બાંધી રાખ્યા છે. રોડ તો ઘણા સરસ છે પરંતુ જે સ્પીડ આપી હોય તે મુજબ એમાં વાહન ચલાવવાનું છે. થોડું પણ આપ નિયમનું ઉલ્લંઘન કરશો, કેમેરા સ્વયં આપનો ફોટો ખેંચીને આપને દંડની રસીદ આપના ઘેર મોકલશે. આપ પોતાની ગાડી ગમે ત્યાં ઊભી રાખી શકો નહીં. જ્યાં પણ પાર્કીંગ છે ત્યાં ગાડી ઊભી રાખી શકો છો. ત્યાં બધું કાર્ડ ઉપર ચાલે છે.

ભોજન - એમની ભોજન વ્યવસ્થા ઘણી નિરાળી છે. એક દિવસ અમારી વિદાય નિમિત્તે ભોજન રાખ્યું હતું. તેમાં છ પ્રકારનાં સલાડ, ફ્રૂટ, જ્યુસ, બ્રેડ અને પનીર હતાં. અહીંનું ભોજન ઘણું પૌષ્ટિક અને વિટામીન યુક્ત હોય છે. ભારત જેવું ટેસ્ટી ભોજન ત્યાં હોતું નથી. ખાદ્ય પદાર્થોમાં મિલાવટ જોવા ના મળે. તે માટે જેલની સજા મળે.

(અનુસંધાન પેજ નં. ૩૪ પર)

શિક્ષણની ક્ષિતિજે

શિક્ષણમાં આધ્યાત્મિકતા અને રાજયોગનું સ્થાન

બ્ર.કુ. પ્રો. ડૉ. મમતા શર્મા, મહેસાણા

વિશ્વનું વર્તમાન ચિત્ર ખૂબ જ ધૂંધળું છે. અનેક પ્રકારની સમસ્યાઓમાં સમસ્ત વિશ્વ ડૂબેલું છે. વિશ્વનું એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં સમસ્યા ન હોય અને પરિણામે સર્વત્ર દુઃખ અને અશાંતિ જ જોવા મળે છે. જીવન જીવવું દુષ્કર થઈ પડ્યું છે. નૈતિક ચારિત્ર્યિક અને આધ્યાત્મિક મૂલ્યો નામશેષ થતાં જાય છે. પરિણામે ખૂબ જ કટોકટીભર્યા કાળમાંથી વિશ્વ પસાર થઈ રહ્યું છે. દુનિયાની હાલતને જોઈને વ્યક્તિનો વિવેક હવે કબૂલ કરે છે કે આવી નીતિ વગરની દુનિયા ક્યાં સુધી ટકી શકશે ? અનેક પ્રકારની સમસ્યાઓના વાદળોથી સમગ્ર વિશ્વ ઢંકાઈ ગયું છે. આજે આપણે વિશ્વના એક કેન્દ્રબિંદુ પર સ્થિત થઈ ચારેબાજુ દૃષ્ટિપાત કરીએ તો જણાશે કે એક તરફ દુઃખ, અશાંતિના વાદળો ઘેરાયેલા છે. બીજી બાજુ વિધ્વંસાત્મક એટમ બોમ્બ પરમાણુ બોમ્બની ઘટાઓથી આખું વિશ્વ ઢંકાયેલું છે. પરિણામે સમગ્ર વિશ્વમાં અંધકાર છવાયેલો છે. પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે આપણે એક સુંદર વિશ્વની રચના શી રીતે કરી શકીએ ? આ વિશ્વને પુનઃ મુક્ત અને શ્રેષ્ઠ બનાવવાનું સામર્થ્ય ખરેખર શિક્ષણમાં જ રહેલું છે.

આજે સમગ્ર દેશમાં અરાજકતા, વર્ગવિગ્રહ, ભ્રષ્ટાચાર અને અશાંતિની સ્થિતિ પ્રવર્તે છે ત્યારે સૌની નજર શિક્ષણ પ્રતિ જાય તે સ્વાભાવિક છે. શિક્ષણ દ્વારા જ ફરીથી વ્યક્તિ અને સમાજમાં ચૈતન્ય લાવી પ્રાણ પૂરી શકાય. પરંતુ આજનું શિક્ષણ જગત લક્ષ્ય વિહીનતા, અજ્ઞાનતાજનિત ભૌતિકતા તરફ આંધળી દોટ, અનીતિ, ભ્રષ્ટાચાર, નૈતિક પતન વગેરેના વિકૃત તરંગોથી આક્રાંત છે. પરિણામે વાસ્તવિક જીવનધારામાં કંઈક ખૂટતું હોય તેવું ભાસે છે.

આજનું શિક્ષણ જીવનથી આપણો પરિચય માત્ર ડાળપાંદડા સાથે એટલે કે બાહ્ય રૂપથી જ કરાવે છે, જે શરીરથી બિલકુલ વિપરીત અને ઉલ્ટુ છે - જીવનનું અસલી સ્વરૂપ ? વૃક્ષનું જીવન એના મૂળમાં છે. અને મૂળ બિલકુલ ઉપેક્ષિત છે. 'હું કંઈક છું.' શરીરથી ભિન્ન અને અલગ આનું જ્ઞાન ભલે હોય પણ અનુભવ નથી. સત્ય ભીતર છે. બહાર તો માત્ર તેની અભિવ્યક્તિ છે. આજનું શિક્ષણ આ અભિવ્યક્તિ એટલે છાયાને જ જીવન માનીને ચાલી રહ્યું છે.

શિક્ષણ જગતની આ દુર્દશાનું વાસ્તવિક કારણ વિજ્ઞાન સંમત સાચી આધ્યાત્મિકતા અસાંપ્રદાયિક ધાર્મિકતાનો અભાવ છે. ધર્મનો સાર નૈતિકતા અને નૈતિકતાનો આધાર છે ધર્મ. આ બધું જ આજે કોણ શીખવે અને કોને શીખવે ? આજ સૌથી મોટો પ્રશ્ન છે. આજના શિક્ષણથી શિક્ષણ અને શિક્ષાર્થીને અધ્યાત્મ અભિમુખ કરી તેનામાં એક નવી તેજસ્વીતા, ચારિત્ર્યબળ અને આત્મબળ જગાવી શકાય છે. અને યુવા પેઢીની શક્તિઓને વિધાયક દિશા તરફ ઉત્પ્રેરિત કરી દેશ તથા વિશ્વમાં અંધશ્રદ્ધા, રૂઢિગત પરંપરાઓ તથા અજ્ઞાનતા જનિત તનમનની અસ્વચ્છતાનું ઉન્મૂલન કરી એક સ્વસ્થ સુખી અને શાંત સમાજનું નિર્માણ કરી શકાય છે. ૧૯૮૨થી આજ સુધીના બધા જ શિક્ષણ આયોગોએ (કમીશનો) શિક્ષણમાં આધ્યાત્મિકતાની અનિવાર્યતાને સ્વીકારી છે. ગાંધીજીએ પણ શિક્ષણ માટે વ્યક્તિગત જીવનની પવિત્રતાને સૌથી મોટી શરત

માની છે. રવીન્દ્ર અને રાધાકૃષ્ણને પણ આજ ઘોષણા કરી હતી કે આધ્યાત્મિક પુનરુત્થાન વગર વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓ વિનાશનું કારણ બનશે. આજે આની પ્રત્યક્ષતા અને યથાર્થતા સાકાર રૂપ લઈ રહી છે.

શિક્ષણનો ઉદ્દેશ છે ઉત્તમ ચરિત્ર નિર્માણ. શું આજે આ ઉદ્દેશની પૂર્તિ થઈ રહી હોય એવું લાગે છે ? જો ના તો શિક્ષણનો આ વ્યવસાય નુકસાનીમાં છે. અને તેને ચાલુ રાખવો કઈ બુદ્ધિમતા હોઈ શકે ? શિક્ષણ સર્વાંગપૂર્ણ હોય, જેમાં મન, બુદ્ધિ, ચારિત્ર અને દેહના વિકાસનો અવસર હોય તથા સુખમય સંસારના નિર્માણમાં સહયોગી હોય, તેના માટે કેટલીક વાતોનો નિર્દેશ આવશ્યક છે.

પ્રથમ તો શિક્ષણનું કેન્દ્ર છે - પ્રેમ.

પ્રત્યેક આત્માના માટે સ્નેહ આવશ્યક છે. સ્નેહ વગરનું જીવન નીરસ છે. આમ જોઈએ તો શિક્ષણમાંથી આજે સ્નેહ લુપ્ત થઈ રહ્યો છે. વર્તમાન શિક્ષણ સ્નેહ રૂપી જલથી આપણા જીવનની ફૂલવાડીને સીંચી રહ્યું છે ખરું ? સ્નેહ ઉત્પન્ન થાય છે પરમાત્મ પ્રેમના સ્નેહની જ્યોતિ જલાવવાથી, આવા પ્રેમપૂર્ણ શિક્ષણથી જ એકપૂર્ણતા અને આનંદનો અનુભવ થાય છે. આવું પ્રેમપૂર્ણ શિક્ષણ જ સમ્યક શિક્ષણ છે. જેમાં બીજાની સાથે સંઘર્ષ નહીં પરંતુ પોતાના આત્માનું જાગરણ છે.

આધ્યાત્મિકતા અને રાજયોગ -

આધ્યાત્મિકતા અર્થાત્ આત્મ વિકાસ અંગેની યથાર્થ સમજ, વાસ્તવમાં વિકાસની અવસ્થામાં આધ્યાત્મિક જ્ઞાન ખૂબ જ સહયોગી બને છે. આધ્યાત્મિક શિક્ષણ દ્વારા જ મનુષ્ય સાચા અર્થમાં માનવ બની શકે, કેમ કે તેમાં સ્વયં પરમાત્મ શક્તિ રહેલી છે. આજે સમગ્ર વિશ્વને આધ્યાત્મિક શિક્ષણ દ્વારા માર્ગદર્શન આપી શકાય છે. સત્ય જ્ઞાન દ્વારા જીવનમાં દિવ્યગુણો ધારણ કરવાથી જીવનના દરેક ક્ષેત્રમાં કાર્ય કરવા આપણે સમર્થ બની શકીએ છીએ. વ્યક્તિ ચાહે રાષ્ટ્ર કે દેશના વિકાસ અને વિકાસના પોષણ માટે કઠોર પરિશ્રમ, ઉત્કૃષ્ટ ચારિત્ર, વિશ્વબંધુત્વની ભાવના દેશભક્તિ જેવા ગુણોની આવશ્યકતા રહે છે. આધ્યાત્મિક જ્ઞાન અને તેની સાથેનું સતત અનુસંધાન દિવ્યગુણોની ધારણા કરાવે છે. આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગના આધારે દિવ્યગુણો એજ સાચા સુખ અને શાંતિના આધાર છે. સુખશાંતિ સંપન્ન શ્રેષ્ઠ વિશ્વની નવરચના આવા ગુણ સંપન્ન જાગૃત નાગરિકો જ કરી શકે. કોઈપણ સુંદર ભવ્ય ગગનચુંબી મિનારો જે અનેકોના દિલ હરનારો આકર્ષક હોય છે. પણ તેનો ત્યાં પહોંચવાનો આધાર તે મિનારામાં રહેલા સ્તંભો પર હોય છે. તે વગર મિનારાનું ત્યાં પહોંચવું અથવા ટકી રહેવું અશક્ય છે. તે જ પ્રમાણે આ વિશ્વરૂપી ઈમારતના આધારસ્તંભ છે - આધ્યાત્મિકતા તથા રાજયોગ. જે વિશ્વના માત્ર આધાર સ્તંભ જ નથી પરંતુ તારણહાર છે. પરંતુ જો તેને યથાર્થ રીતે યોગ્ય ભૂમિકાઓ દ્વારા કેળવવામાં આવે.

શિક્ષણના ક્ષેત્રમાં પણ પ્રશ્ન એ છે કે ધાર્મિક તથા આધ્યાત્મિક શિક્ષણને વ્યાવહારિક રૂપ કેવી રીતે આપવું ? આપણી ધર્મ નિરપેક્ષ નીતિ આ માટે કેટલેક અંશે જવાબદાર છે. સામાન્યતઃ સામ્પ્રદાયિક ચિંતા ધર્મ નથી. ધાર્મિક આધ્યાત્મિક શિક્ષણ માટે પ્રથમ શરત ધર્મની સંપ્રદાયોથી મુક્તિ આવશ્યક છે. જે ધર્મ માનવને માનવથી અલગ કરે તે પરમાત્માથી કેવી રીતે જોડી શકે ? ધર્મ અનેક નથી એક છે અને તે છે ધારણા-જીવન રૂપાંતર, સત્ય, અહિંસા, પવિત્રતા, ધૈર્યતા, સહનશીલતા વગેરે દિવ્યગુણોની ધારણા માટે

કોઈ વિશેષ ધર્મની દીક્ષાની આવશ્યકતા નથી, હા નિશ્ચયાત્મક જ્ઞાનની આવશ્યકતા અનિવાર્ય છે. જેના સૂત્ર છે -

૧. શરીર અને આત્માની ભિન્નતા.

૨. આત્માના સાચા પિતા પરમાત્મા.

૩. સૃષ્ટિ એક નાટક છે.

૪. સ્વ સ્વરૂપનું જ્ઞાન કરાવનાર એકમાત્ર સાધન-સહજ રાજયોગ.

અધ્યાત્મ અભિમુખ શિક્ષણ કેન્દ્ર એ છે કે જેમાં બાળકોને શીખવવામાં આવે કે તમે માનવ છો. એક ચૈતન્ય આત્મા છો. હિન્દુ, મુસલમાન, શીખ નથી. તો એક નવો દેશ, નવું વિશ્વ નિર્માણ થશે. આવા શિક્ષણથી એવા સ્વસ્થ માનવ પેદા થશે જે ન હિન્દુ હશે ન મુસલમાન, ન જૈન, ન શીખ. તે માત્ર ધાર્મિક, પ્રશાંત એક પરમાત્માનું અમર સંતાન હશે. અને વિશ્વ માનવની સાથે આપસમાં ભ્રાતૃત્વની વિશુદ્ધ પ્રેમ ભાવનાથી જોડાયેલા હશે. ત્યારે માનવી સંપન્ન બનશે અને સંપન્નતાનો આધારે છે શિક્ષણ - પ્રમાણપત્રોના શિક્ષણની સાથે સાથે ચરિત્ર નિર્માણનું જ્ઞાન તથા નૈતિક શિક્ષણની પણ એટલી જ આવશ્યકતા છે. જેનાથી જીવનમાં દિવ્યતાનો ઉદય થાય. આમ શારીરિક સંપન્નતાની સાથે જો વ્યક્તિ આત્માથી પણ સંપન્ન છે તો જ તે સાચા અર્થમાં સંપન્ન છે.

આજે પ્રત્યેક વ્યક્તિ આત્મ વિસ્મૃતિમાં હોઈ દેહભાનને વશીભૂત છે. દેહ અભિમાની વ્યક્તિ સૂકાયેલા વૃક્ષ સમાન છે. જેના ચરિત્રરૂપી મૂળ પાંચ વિકારોને કારણે કમજોર થઈ ગયા છે અને દૈવીગુણરૂપી ફળ અને ફૂલ ખરી ગયા છે. દેહને જ સર્વસ્વ માની બસ ખાવુ, પીવુ, પહેરવું, હરવું ફરવું એમાંજ એનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. જીવનનો દૃષ્ટિકોણ પણ દેહ અભિમાનયુક્ત અને સાંસારિક બની ગયો છે. વાસ્તવમાં જીવનનું અંતિમ ધ્યેય આત્મ કલ્યાણ જ છે. જે સાવ ભૂલાઈ ગયું છે. પોતાની તમોપ્રધાન બુદ્ધિ અને શક્તિને આધારે જીવન તથા વિશ્વને મઠારવા જે કોઈ પ્રયત્નો કરે છે એ માત્ર બાહ્ય થીંગડા સમાન છે. જેમ વૃક્ષને એના મૂળને બદલે એના ડાળ પાંદડાને પાણી પાવામાં આવે તો તેનાથી કાંઈ ફાયદો થતો નથી. વૃક્ષ દિનપ્રતિદિન સૂકાતું જશે. તેમ આજે દેહ અભિમાની વ્યક્તિનું જીવન પણ જીવનના વાસ્તવિક રસ, રંગ આનંદથી હીન થતું થઈ રહ્યું છે. એને બદલે આત્મ અભિમાની યુવક એક એવા હર્યાભર્યા વૃક્ષ સમાન છે જેના ચારિત્ર્યરૂપી મૂળમાં આધ્યાત્મિકતા રૂપી જળસિંચન થતું રહેવાથી તે સુખ-શાંતિ, દયા-સેવા, ભાઈચારો તથા આનંદના ફળોથી ભરપૂર સુંદર વૃક્ષ બની જાય છે. એના માટે વ્યક્તિને આધ્યાત્મિકતાનો પૂર્ણ ખ્યાલ હોવો જોઈએ. વ્યક્તિને એ જ્ઞાન મળવું જોઈએ કે એ સ્વયં અજર અમર આત્મા છે. જેનો વાસ્તવિક ધર્મ શાંતિ છે. શરીર તો કર્મ કરવાનું એક સાધન છે. પણ શરીરને સાધ્ય સમજી મોટા ભાગનો સમય, શક્તિ, સંપત્તિ એની પાછળ ખર્ચ કરવા એ આપણી ભૂલ છે. તથા આત્માના અસલી પિતા પરમાત્મા શિવ છે. જેઓ ગુણોના સાગર છે. એના સંતાન હોવાને સંબંધે આપણે પણ એ ગુણોના અધિકારી છીએ જેને જીવનમાં ધારણ કરવાના છે. આત્માનું અસલી નિવાસ સ્થાન એ પરમધામ છે. જે આ સાકાર મનુષ્ય લોકથી પણ પાર સૂર્યચંદ્ર તારાગણોથી પણ દૂર આવેલું છે. અને ત્યાંથી આ સાકાર મનુષ્યસૃષ્ટિ રંગમંચ પર એ પોતાનો અવિનાશી પાર્ટ બજાવવા આવ્યો છે. અને હવે જ્યારે સૃષ્ટિનાટક પૂરું થવા આવ્યું છે ત્યારે ફરી પુનરાવૃત થાય તે પહેલાં ફરી પાછા આપણા એ અસલી પ્યારા ઘરમાં પરમધામમાં જવાનું છે. આવા આ મહાપરિવર્તનના સમયે સ્વયં પરમાત્માનો દિવ્ય સંદેશ છે કે **'સમગ્ર વિશ્વ આજે**

(અનુસંધાન પેજ નં. ૦૬ પર)

યુવા વિભાગ

યુવા શોઝ શિવ !

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

ઓમશાંતિ !

જાન્યુઆરી માસ એટલે પ્રેરણા, ઉમંગ-ઉત્સાહ, તપસ્યા અને સ્વરાજ્યની સ્ટેજ પ્રાપ્ત કરવા માટેનો માર્ગદર્શક માસ ! ૧૨ જાન્યુઆરી - સ્વામી વિવેકાનંદનો જન્મ દિવસ, ૧૪ જાન્યુઆરી - ઉતરાયણ, ૧૮ જાન્યુઆરી - અવ્યક્ત દિવસ અને ૨૬ જાન્યુઆરી - પ્રજાતંત્ર દિવસ. દરેકની ઓળખાણ, દરેકની વિશેષતા અનન્ય છે. દરેકની વિશેષતાને કલમથી રંગવાનો પ્રયત્ન કરવા બેસીશ તો અનેક પાના રંગાઈ જશે. કદાચ મારા મનમાં સંગ્રહેલો શબ્દ ભંડાર પણ ખૂટી જશે. વાસ્તવમાં એ વાતની ચર્ચા કરવા માટે કલમ હાથમાં લીધી નથી કે એમાંથી કોણ શ્રેષ્ઠ છે ? પરંતુ હું ઉપરોક્ત ચાર બાબતોને કુમાર-કુમારીની શ્રેષ્ઠતા સાથે જોડી એક અલગ દૃષ્ટિકોણ આપની સમક્ષ રજૂ કરવા માગું છું.

શિવપિતાએ કુમાર-કુમારીના જીવનને હમેશા સૌથી આગળ રાખ્યા છે. યજ્ઞની સ્થાપનાથી માંડી આજ સુધીના ઈતિહાસને નિહાળીએ તો બાબાની નજરોમાં કુમારીઓ નંબર વન રહ્યા છે તો કુમારોને બાબાએ સાત કુમારીઓ સાથે સરખાવી તેઓના અસ્તિત્વનું જતન કર્યું છે. અત્રે કુમાર-કુમારીના શ્રેષ્ઠત્વનો ઉલ્લેખ કરી અનેક કુમાર-કુમારીઓ યુવા શોઝ શિવને કઈ રીતે સાર્થક કરી શકશે એની ચર્ચા રજૂ કરી છે.

બાબાના બનેલા દરેક કુમાર-કુમારીઓના જીવનને ચાર સ્ટેજમાં જોવાનો પ્રયત્ન કરીએ. દરેક સ્ટેજની વિશેષતાઓ ઘણી બધી છે. જો એ વિશેષતાઓને ઈશ્વરીય કાર્યમાં લગાડવાના પ્રયત્નો કરવામાં આવે તો એ સ્ટેજમાં તેઓ કમાલનું કાર્ય કરી શકશે.

૧. કિશોરાવસ્થા : આ એક સંક્રમણનો સમય છે. શારીરિક, માનસિક, બૌદ્ધિક, આવેગાત્મક ફેરફારનો વિચિત્ર સમય છે. ઘણા બધા સ્તરે એક સાથે ફેરફારનો અનુભવ તેના જીવનની નીંવ નિયત કરવાનો સમય હોવાના કારણે અતિ મહત્ત્વનો સમય છે. જીદ્દ, ભાવનાત્મક, ચરમસીમા, જીજ્ઞાસા વૃત્તિ, આત્મખોજ અને સ્વયંને પ્રસ્થાપિત કરવાની મનોવસ્થા એની વિશેષતા છે. આ વિશેષતાનો ભરપૂર ફાયદો કોઈએ લીધો હોય તો તે શિવપિતાએ. ૧૯૩૭માં આ ઉંમરના કિશોરોનું સંગઠન બનાવી યજ્ઞની નીંવ મજબૂત કરી. આધ્યાત્મિક જ્ઞાન, પ્રેમ અને શક્તિઓના સંયોજનથી મજબૂત અને સશક્ત કુમાર-કુમારીઓની રચના સંસ્થાનો પાયો બની રહ્યો છે. આ અવસ્થાની વિશેષતા સાથે જાન્યુઆરી માસની પ્રથમ વિશેષતા એટલે કે પ્રેરણાને સ્થાન આપવામાં આવે તો ભવિષ્ય માટે શ્રેષ્ઠ આધ્યાત્મિક નેતાઓની રચના શક્ય બની શકશે. શ્રેષ્ઠ ભારતના નવનિર્માણના કાર્યને તીવ્ર ગતિ પ્રાપ્ત થશે. કુમાર-કુમારીઓમાં જિજ્ઞાસા વૃત્તિને સંતોષવામાં આપણે સફળ બનવાની આવશ્યકતા છે. એક વાર એક પરિવારે પોતાની કુમારીને સંસ્થામાં મોકલવાનું શરૂ કર્યું. કુમારી સેન્ટર પર નિયમિત આવીને ખૂબ જ સારી રીતે પુરુષાર્થ કરવા લાગી. આધ્યાત્મિક જ્ઞાન કેટલા અંશે સમજી શકી એ તો હું ના કહી શકું પરંતુ બહેનોના પ્રેમથી તે પ્રભાવિત થઈ તેઓના

જીવનથી તેણીએ પ્રેરણા મેળવી. તેના જીવનમાં ખૂબ જ પરિવર્તન આવ્યું છે એવો પ્રતિભાવ તેણીના માત-પિતાએ આપેલો. તેણીના મા-બાપે બેનને ધન્યવાદ આપ્યા. પછી એનાં લગ્ન થયાં કે તેણીએ ઈશ્વરીય સેવામાં જીવન સમર્પિત કર્યું એ મહત્ત્વનું નથી. પણ પ્રેરણા અને નિ:સ્વાર્થ સ્નેહમાં સંસ્કાર સિંચન અને સંસ્કાર પરિવર્તન કરવાની તાકાત છે એ વાતનું મહત્ત્વ અત્રે અનુભવાય છે. કોઈ આદરણીય દાદી પ્રકાશમણિજી, દાદી જાનકીજી, દાદી રતનમોહિનીજી કે દાદી ગુલઝારજી જેવાં અનન્ય દીદી-બહેનોથી પ્રેરિત થયા તો કોઈ આદરણીય જગદીશભાઈ, રમેશભાઈ, વૃજમોહનભાઈ કે મહેન્દ્રભાઈ જેવા વરિષ્ઠ ભાઈઓથી પ્રેરણા મેળવી આગળ વધ્યા. બાબાએ કહ્યું છે કે ફોલો ફાધર કરો પણ સાકારમાં કોઈ અનન્ય ભાઈ-બહેનોને જોઈને આધ્યાત્મિક ઉન્નતિ માટે પ્રેરણા મળતી હોય તો તે જીવનમાં સ્વીકારી આગળ વધો.

૨. યુવાવસ્થા (કુમાર-કુમારી અવસ્થા) : આ અવસ્થા ઉમંગ-ઉત્સાહ સાથે જોડવા માંગુ છું, જે જાન્યુઆરી માસની બીજી વિશેષતા છે. દરેક કુમાર-કુમારીઓએ સદા ઉમંગ-ઉત્સાહમાં રહેવા માટે યુક્તિઓ શોધવી જોઈએ. પોતાના સમયને વધુમાં વધુ સફળ બનાવવા નવી-નવી સકારાત્મક વાતોને શીખવા, મનન-ચિંતન કરવા, ચિત્રકામ, લેખનકલા અથવા કોઈ વિશેષ રુચિ કે શોખને વિકસિત કરવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. ઈશ્વરીય સેવામાં પોતાની જાતને ઓફર કરવી જોઈએ. આજે આપણી સમક્ષ કેટલાક એવા દાખલાઓ છે જેઓએ યુવા કાળમાં પોતાની જાતને સેવામાં ઓફર કરી સેવાના બળપર આધ્યાત્મિક ઉન્નતિ કરી શક્યા. ૨૦૦૬માં યુવા પદયાત્રા નીકળી હતી. તેમાં મારું સિલેક્શન ઈન્દોરથી વડોદરા પદયાત્રા માટે થયેલું. હું દ્વિધામાં હતો કે યાત્રાને કઈ રીતે યાદગાર બનાવું ? મનમાં વિચાર આવ્યો કે થોડા સમય માટે મધુબન તપસ્યા કરવા નિકળી જવું અને યાત્રાને સફળ બનાવું. હું જ્ઞાનસરોવર તપસ્યા કરવા નીકળી ગયો હતો. ત્યાં યાત્રા માટે ઘણી બધી તૈયારી કરી મારી જાતને સશક્ત બનાવવા પુરુષાર્થ કર્યો. દરમિયાન મને પ્રવચન માટે વિષયો આપવામાં આવ્યા હતા. એટલે હું ફરીથી મુંઝાયો. મેં આદરણીય મોહનભાઈ સિંઘલને મદદ માટે વાત કરી. પરંતુ તેઓએ કોઈ પ્રતિસાદ આપ્યો નહીં. એટલે હું સીધો બાબાના કમરામાં જઈ વિચાર સાગર-મંથન કરવા લાગ્યો. ટોપીક લખી સ્પાર્ક ઓફિસમાં જઈ કમ્પ્યુટર જોબ કરતો. પંદર એક દિવસ જેવું ફાવ્યું તે રીતે મેં તૈયારી કરી. મેં બધુ જ બાબા ઉપર છોડી દીધેલું. પંદર દિવસ પછી આદરણીય મોહનભાઈએ મને સામેથી બોલાવી અને પૂછ્યું કે મેં શું તૈયારી કરી છે ? મે મારી તૈયારી કરેલી તેમને બતાવી. તેઓએ ખૂબ જ પ્રેમથી જોઈ અને કેટલાક સલાહ-સૂચનો પણ આપ્યા. છેલ્લે મને કહ્યું કે જગદીશભાઈ તેઓને હમેશા કહેતા કે ''બુદ્ધિને ખીલવવી હોય તો પોતાની રીતે ખીલવા દો. વિચાર સાગર મંથન પોતે કરતા શીખો. કોઈના નિર્દેશનથી બુદ્ધિને લોક લાગવાની શક્યતા છે.'' આગળ તેઓએ મને પ્રોત્સાહિત કર્યો કે હવે તું બાબાની મદદનો અધિકારી બની ગયો છું. તું વિષયોને વિસ્તરી શકીશ. તારી બુદ્ધિ હમેશા ખીલતી રહેશે. બસ મનન-ચિંતન સતત ચાલુ રાખજે. વહાલા ભાઈ-બહેનો, આજે મારી સામે અનેક પરિસ્થિતિ આવે તો પણ વિચાર-સાગર મંથનના સંસ્કારથી ઉમંગ-ઉત્સાહને ટકાવી રાખી શકું છું. આપના માટે પણ એ જ શુભભાવના છે.

૩. બ્રહ્માકુમાર-બ્રહ્માકુમારી અવસ્થા : આ અવસ્થાને જાન્યુઆરી માસની ત્રીજી અવસ્થા

એટલે કે તપસ્યાની સાથે સરખાવું છું. જ્ઞાન-યોગની ગહરાઈ આ અવસ્થાની વિશેષતા છે. જ્ઞાન-યોગના આધાર વગર આ જીવન શક્ય જ નથી. માત્ર સેવા અને પ્રેમના આધારે ચાલનારું જીવન કિશોરાવસ્થા કે કુમાર-કુમારીની અવસ્થા જેવું જીવન છે. એ તો અલ્પકાળની વિનાશી આધારિત અવસ્થા હોવાના કારણે ગમે ત્યારે કથળી જવાની શક્યતા છે. જ્યારે આધાર છૂટી જશે ત્યારે વિખરાઈ જવાની શક્યતા છે. બાબાની ભાષામાં કહું તો નિધનના બની જવાની શક્યતા વધી જાય છે. આપણા જીવનની વિશેષતા જ છે - તપસ્યા. તપસ્યા સિવાય જીવનને નિખારી ન શકાય. લૌકિક દાખલા આપીને કહું તો તપ વગર લોખંડમાંથી ઓજારો નહીં બને. તપ વગર સાચા સોનાનાં ઘરેણાં બનાવી ન શકાય. તપ વગર કાંટામાંથી ફુલનો ઉછેર પણ નહીં થાય. એ જ રીતે આપણા લોઢા જેવા સખત, સોના જેવા નરમ કે ગુલાબ જેવા ઓરીજીનલ સંસ્કારમાં દિવ્યતા અને રુહાનિયત લાવવા માટે તપવું તો પડશે જ. તે સિવાય જીવનમાં ઓજસ જોવા નહીં મળે.

૪. શિવશક્તિ-પાંડવ અવસ્થા : આ અવસ્થાને જાન્યુઆરી માસની સ્વરાજ્યની વિશેષતા સાથે સરખાવીશ. સ્વરાજ્ય એટલે આત્માનું કર્મેન્દ્રિયો પર રાજ્ય મેળવવું. એ અવસ્થા જ વાસ્તવમાં શિવશક્તિ દ્વારા શિવ પ્રત્યક્ષ થાય, પાંડવો દ્વારા પાંડવપતિ પ્રત્યક્ષ થાય એ જ લક્ષ્ય બાબાએ આપને આપ્યું છે. આપણે કેટલા સમયથી જ્ઞાનમાં ચાલીએ છીએ તેના કરતા જ્ઞાનની પરાકાષ્ઠા કેટલા હદ સુધી આપણે અનુભવી છે તેના આધારે જીવનની પરિભાષા નક્કી કરી શકાય છે. જ્યારે આપણે દસ-પંદર વર્ષ પછી પણ પ્રેમ કે પ્રેરણાના આધારે ચાલી રહ્યા છીએ તો એમ કહી શકાશે કે આપણે આટલા વર્ષો પછી પણ કિશોરાવસ્થામાં જ છીએ. જીવનમાં ઉમંગ-ઉત્સાહ તો છે પણ તપસ્યાનો આધાર હજી મજબૂત નથી બન્યો ત્યારે આપણે કુમાર-કુમારી અવસ્થામાં જ છીએ. જ્ઞાન-યોગ અને તપસ્યાથી બ્રહ્માકુમારી જીવનને તપાવી શિવશક્તિ-પાંડવ સેનાની અવસ્થાને પ્રાપ્ત કરવી એ જ જીવનનું લક્ષ્ય હશે તો જ આપણે બાબાની અપેક્ષાઓ પૂરી કરવા માટે લાયકાત પ્રાપ્ત કરી શકીશું લોક પસંદ અને પ્રભુ પસંદની પાત્રતા કેળવી શકીશું.

બાબાએ કહ્યું છે કે લોક પસંદ સભામાં આવવા માટે શિવશક્તિ - પાંડવ સેના બનવું પડશે. કારણ એ જ અવસ્થામાં આપણે વિશ્વનું કલ્યાણ કરી શકીશું. બાબા ચાહે છે કે કરના ચાહિએ, હોના ચાહિએ નહીં પણ કરના હી હૈ - એ અવસ્થાને પ્રાપ્ત કરવાની છે. સ્વયં ભગવાન આપણને સાથી બનાવી વિશ્વનું કલ્યાણ કરવા માગે છે. આપણને નિમિત્ત બનાવવા માંગે છે. ભગવાને તો એટલા હદ સુધી કહી દીધું છે કે **'હું ક્યારેય એકલો હોતો નથી. હું હમેશા બાળકોને સાથે રાખી જ બધા કાર્ય સંપન્ન કરું છું. હું સૂક્ષ્મ વતનમાં બાળકોને બોલાવી સેવામાં સાથે રાખુ છું. ક્યારેક ભક્તોની સંતુષ્ટી માટે બાળકોને સાક્ષાત્કાર માટે પણ મોકલું છું.'** શિવપિતાનું આયોજન, ઉમ્મીદ અને આશાઓને ધ્યાનમાં રાખી આપણે શિવશક્તિ - પાંડવ બની આધ્યાત્મિક ઉન્નતિ કરીએ અને યુવા શોઝ શિવને સાર્થક કરીએ.

॥ ઓમ શાંતિ ॥

મૌન

બ્ર.કુ. ખ્યાતિબેન, મહાદેવનગર, અમદાવાદ.

મોટાભાગે મૌનનો અર્થ લોકો વાણીથી વિરામ લઈએ તેને કહે છે. મૌનની આ વ્યાખ્યા યથાર્થ રીતે સાચી નથી. જો મનમાં સંકલ્પોનું તોફાન ચાલી રહ્યું હોય. વિષય, વાસના, દ્વેષ, રાગનું તાંડવ ચાલી રહ્યું હોય અને બહારથી માત્ર વાણીને વિરામ આપીએ તેટલું જ પૂરતું નથી. આ પ્રકારનું મૌન એ ક્યારેક ખતરનાક સાબિત થઈ શકે છે. જેમકે પ્રેશર કૂકરને ચાલુ ગેસ પર રાખી દઈએ તો એમાં પાણી અંદરથી જોરથી ઉકળ્યા કરતું હોય અને બહારથી સેફ્ટી વાલ્વ જામ થઈ જાય તો શું થાય ? પ્રેશર કૂકર ફાટી જાય તો ભયંકર નુકસાન પણ થઈ શકે છે. આવી જ સ્થિતિ જેનું મુખ બંધ હોય પરંતુ મનમાં વિચારોનું તોફાન હોય આને મૌન ના કહી શકાય. મૌનનો યથાર્થ અર્થ શુભ ચિંતન, પ્રભુ ચિંતન અને સદ્ગુણોનું ચિંતન છે.

બોલથી મુસીબત

મહર્ષિ અરવિંદ આશ્રમનાં માતાજી હંમેશાં કહેતાં હતાં કે અગર કોઈ વ્યક્તિ સાત દિવસ ગંભીર મૌનમાં હોય તો એ એક કલાક સાર્થક બોલવા યોગ્ય છે એમ કહેવાય અને જો એને એક દિવસ બોલવું હોય તો તેને એક વર્ષ મૌનમાં વ્યતીત કરવું પડે. જે વધારે બોલે એના પરથી લોકોનો વિશ્વાસ ઉઠી જાય છે. ઉપરાંત શક્તિઓ વ્યર્થ વાતચીતમાં ગુમાવી બેસે છે. મૌનથી પરમપિતાની યાદમાં રહીને અખૂટ શક્તિઓનો ખજાનો પોતાનામાં સમાવી શકાય છે. જે આત્મામાં રહેલા જૂના સ્વભાવ સંસ્કારને બદલવા માટે દૃઢતાનું બળ પૂરું પાડે છે. અપશબ્દોના પ્રયોગનો એજ અર્થ છે કે આપણી પાસે શબ્દ પ્રયોગ કરવાની સાચી સમજનો અભાવ છે. મહાન વિચારક પાસ્કલે કહ્યું હતું કે અગર દુનિયામાં લોકો ચૂપ રહે તો પણ ૭૦ ટકા પરિસ્થિતિની ઝંઝટ સમાપ્ત થઈ જાય. મોટાભાગે માણસો બોલીને મુસીબત વધારી દેતા હોય છે અને પછી પશ્ચાતાપ કરતા હોય છે.

મૌન દ્વારા નૂતન ભાવોનું અવતરણ

મૌન આત્માનો શૃંગાર છે. મૌન જીવનની આભા છે. માનવજીવનમાં જે પણ ઉચ્ચતમ અને શ્રેષ્ઠત્તમ છે. મહાન વ્યક્તિત્વના ઈતિહાસ થઈ ગયા તેમાં મૌન ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે. મહાપુરુષોએ અસીમ સામર્થ્ય આ મૌન અને એકાંત દ્વારા ભર્યું હતું. જેમણે ઈતિહાસ રચ્યો. જે વાણીમાં વિનમ્ર અને કર્મોમાં પ્રચંડ સામર્થ્યના ધની બન્યા હતા. નૂતન અને દિવ્ય ભાવો, વિચારો અને દર્શનોનું અવતરણ અને આવિષ્કાર મૌનમાં રહીને સંભવ થયું. મહાવીર બાર વર્ષ મૌનમાં રહ્યા. બુદ્ધે ૧૦ વર્ષ મૌનમાં રહી સાધના કરી. લાઓત્સેને મૌનમાં રહીને સર્વોચ્ય સત્તાનો સાક્ષાત્કાર થયો હતો. જીસસ થોડા થોડા સમય માટે પોતાના શિષ્યોને છોડી અમુક સમયના અંતરાલમાં પહાડ પર ચઢી મૌનમાં જતા હતા. જે અતિ માનસ ચેતનાના અવતરણનો અનુભવ મહાન યોગી શ્રી મહર્ષિ અરવિંદે કર્યો એ મૌનનુંજ પ્રતિફળ હતું. ગાંધી બાપુએ જે બળ પર વિશાળ અંગ્રેજોના સામ્રાજ્યનો પાયો ઉખાડી ફેંક્યો એમાં મૌનની મહત્ત્વપૂર્ણ ભૂમિકા હતી. તક્ષશીલાના આચાર્ય વિષ્ણુ ગુપ્ત (ચાણક્ય) પણ મૌન અને એકાંતના અભ્યાસી હતા.

બોલમાં સત્યતાની સાથે સભ્યતા હોવી જોઈએ

જે કામમાં બોલ્યા વગર ના ચાલે વાસ્તવમાં માણસે એટલું જ બોલવું જોઈએ. જેમ કે ટેલીગ્રાફીક ભાષા. ડંડા અને પથ્થરોથી તો માત્ર હાડકા તૂટે છે પરંતુ શબ્દોથી તો દિલ અને સંબંધો તૂટે છે. શબ્દોમાં સત્યતા અને સભ્યતાનું સંતુલન થાય ત્યારે શબ્દો હીરામોતીથી પણ અધિક મૂલ્યવાન તથા મહિમા યોગ્ય માનવામાં આવે. મૌનનો દૂરુપયોગ કરી જો કોઈ ચૂપ રહી જાય તો આપણે એમ જ સમજીએ છીએ કે ક્યાંતો તેમણે આપણાં પ્રશ્નોને મહત્ત્વ નથી આપ્યું ક્યાંતો એ સમજ ઓછી ધરાવતા હશે. લોકો અનેક કારણોથી ચૂપ થઈ જાય છે જેમકે

૧. કોઈનું અપમાન કરવાનું હોય ત્યારે
૨. તિરસ્કાર બતાવવો હોય ત્યારે
૩. ઉદાસ હોય ત્યારે
૪. અચાનક ગભરાટ થાય ત્યારે
૫. અતિ ક્રોધ અવસ્થામાં હોય ત્યારે વાણી નીકળતી નથી.
૬. ઘણીવાર તો એટલે ચૂપ થઈ જાય કારણકે તેમને પ્રશ્નોના જવાબની ખબર ના હોય અને તેઓ પોતાની અજ્ઞાનતાને છુપાવવા માંગે છે.

મૌન પ્રેમપૂર્ણ અને કરુણાવાન બનાવી દે છે.

જગતના સમસ્ત મહત્ત્વપૂર્ણ અને હિતકારી વિચાર મૌનથી ઉત્પન્ન થયા છે. એટલે જો કોઈ વ્યક્તિ થોડા થોડા સમય માટે પૂર્ણ રૂપથી મૌન કરે તો પ્રેમપૂર્ણ અને કરુણાવાન બની શકે છે. માટે જ ઐતિહાસિક મહાન આત્માઓ માત્ર પોતાનું ના વિચારતા સમસ્ત સંસારનો વિચાર કરતા.

તનની ભાષા

મૌન માટે ખાલી હોઠ અને શબ્દોનો વિરામ જ પૂરતો નથી. બધી જ કર્મેન્દ્રિયોનું મૌન. જેમ કે આંખો મુખથી વધુ બોલે છે. જે નયનોની ભાષા જાણે છે તેઓ પોતાના સમસ્ત અંતરભાવોને આ માધ્યમ દ્વારા પ્રગટ કરવામાં સક્ષમ છે. નયનોના સંકેતથી મનુષ્ય પ્રેમ પણ પ્રગટ કરી શકાય અને ઘૃણા પણ પ્રગટ થાય. હાથથી પણ બહુ જ ઈશારા થઈ શકે છે.

જેમણે પશ્ચિમમાં ખૂબ શોધ કરી એમણે કહ્યું કે મનુષ્યની બેસવાની રીત, ચાલવાની રીત, ઉઠવાની રીતથી ઘણું બધું ખબર પડી શકે છે. તમારી યથાર્થ ઓળખ તમારા સજાવેલા પોશાક કરતા વધારે આપના બોલ અને ભાવાર્થ પરથી થાય છે. ઘણા લોકો કાનથી નહિ પરંતુ માત્ર હોઠના કંપનથી જ શબ્દ શું બોલ્યા તે કહી શકે છે. બિથોવન બહેરા હતા પરંતુ તેમણે અદ્‌ભુત ધુનો સંગીત જગતને આપી હતી. ધ્યાનની બધી જ મુદ્રાઓનો વિકાસ શરીર ભાષાને દર્શાવે છે.

માનસિક સ્વાસ્થ્ય માટે મૌન જરૂરી છે

સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે કોઈ પણ વાત પર વાદવિવાદ વધ્યો તો મનનું સંતુલન નષ્ટ થયું. મૌન જ વ્યક્તિનો સૌથી મોટો શિક્ષક છે. એ બીજા દ્વારા સ્વયંની નિંદા, ટીકા ટીપ્પણી સાંભળીને પણ મૌન રહીને એમને પોતાની ભૂલની સમજ આપી શકાય છે. જેમ શરીરના સ્વાસ્થ્ય માટે સંતુલિત ભોજન અને પૂરતી નિંદ્રા જરૂરી છે તેમ માનસિક સ્વાસ્થ્ય માટે સમર્થ વિચાર નિસંકલ્પ અને મૌન આવશ્યક છે. મૌન ધારણ કરવાથી વ્યક્તિ અદ્રશ્ય શક્તિઓ જેમ કે વિચારવાની શક્તિ, ઈચ્છા શક્તિ, સહન કરવાની અને પારખવાની શક્તિ, એકાગ્રતાની

(અનુસંધાન પેજ નં. ૦૬ પર)

મનુષ્ય જીવનમાં આધ્યાત્મિકતાનું મહત્ત્વ

બ્ર.કુ. મધુબેન, બાંટવા

એકવાર રાજાભોજ રાજદરબાર ભરીને બેઠા હતા. રાજદરબારમાં રાજાભોજે રાજ દરબારીઓને એક પ્રશ્ન કર્યો કે મનુષ્યના જીવનની દુર્દશાનું કારણ શું ? તો રાજ દરબારીઓમાંથી કોઈ જવાબ આપી ન શક્યા, એ વખતે એ રાજદરબારમાં કવિ કાલિદાસ પણ હાજર હતા. કવિકાલિદાસે કહ્યું હે રાજન આ પ્રશ્નનો ઉત્તર જોતો હોય તો મને એક દિવસ આપો. રાજાએ કહ્યું ભલે. રાજાનો નિયમ રોજ સાંજે નગરમાં ફરવા નીકળે, એક દિવસ વિત્યો બીજો દિવસ થયો રાજા કવિ કાલિદાસની રાહ જુએ છે પ્રશ્નના ઉત્તર માટે પરંતુ કવિ કાલિદાસ દેખાયા નહીં. રાજા પોતાના નિયમ મુજબ સાંજે નગરમાં ફરવા નીકળ્યા. રાજા નગરના ચોકમાં પહોચ્યા ત્યાં જ સામે એક સાધુ મહાત્મા મળ્યા. તેમના હાથમાં એક તુંબડી હતી. સાધુ મહાત્માએ રાજાને જોયા કે તુરંત તેમની સામે જોઈ ઉભા રહ્યા અને બોલ્યા કે હે રાજન ભિક્ષાન દે... ત્યારે રાજા પોતાના રથ ઉપરથી ઉતરી સાધુ મહાત્માને સોનામહોર ભિક્ષામાં દેવા જાય છે. ત્યારે રાજાએ જોયું કે સાધુ મહાત્માની તુંબડીમાં માંસના ટુકડા પડ્યા હતા. રાજા તુરંત બોલી ઉઠે છે કે હે સાધુ મહાત્મા હું આશું જોઉં છું. તમારી તુંબડીમાં માંસના ટુકડા. શું તમે માંસાહારી છો ? સાધુ બનીને માંસ ખાવ છો ? ત્યારે સાધુ મહાત્માએ કહ્યું કે હું માત્ર માંસ જ નથી ખાતો પરંતુ સાથે - સાથે હું મદીરાપાન, ચરસ, ગાંજો, બીડી, સીગરેટ વગેરે પણ લઉં છું. ત્યારે રાજા કહે છે કે તું સાધુ નથી. ત્યારે સાધુ મહાત્માએ કહ્યું કે મહારાજ એટલું જ પૂરતું નથી. હું તો વેશ્યા પાસે પણ જાઉં છું. રાજાને ગુસ્સો આવ્યો અને ગુસ્સામાં રાજાએ કહ્યું તો તે આ સાધુનો વેશ શા માટે ધર્યો છે. ત્યારે સાધુએ કહ્યું કે વેશ્યાને આપવા પૈસા જોઈએ તો તેના માટે હું ચોરી કરું છું. લૂંટફાટ અને કોઈની હિંસા પણ મારાથી થઈ જાય છે. ત્યારે રાજા કહે છે. તું મારી નજર સામેથી દૂર થઈ જા અને એ જ સમયે સાધુ મહાત્માએ હાથમાં જે તુંબડી હતી તે ફેંકી દીધી. પોતાનો નકલી વેશ ઉતારી નાખ્યો અને કવિ કાલિદાસ પોતાના ઓરીજીનલ રૂપમાં આવી ગયા. રાજા ભોજને કહે છે કે હે રાજન, આપે જે પ્રશ્ન કર્યો હતો કે મનુષ્યના જીવનની દુર્દશાનું કારણ શું? તેમાં તમને કાંઈ સમજાય છે ? ત્યારે રાજા કહે છે કે મને કાંઈ જ સમજાતું નથી, ત્યારે કવિ કાલિદાસે કહ્યું કે જુઓ રાજન મનુષ્ય એકતો ન ખાવાનું ખાય, ન પીવાનું પીવે, ન બોલવાનું બોલે, ન જોવાનું જુએ, ન કરવાનું કરે, ન વિચારવાનું વિચારે, ન જવાનું હોય તેવી જગ્યાએ જાય, એટલે મનુષ્યની દુર્દશા તો થવાની જ છે. ત્યારે રાજા ભોજે કહ્યું કે સાચી વાત છે. મનુષ્યની દુર્દશાનું કારણ મનુષ્યના દુષ્ટકર્મ જ છે. ત્યાર પછી રાજાએ કવિ કાલિદાસને બીજો પ્રશ્ન કર્યો કે મનુષ્યને દુર્દશામાંથી બહાર લાવવાનો ઉપાય શું ? ત્યારે કવિ કાલિદાસે જવાબ આપ્યો કે મનુષ્ય જીવનમાં જો આધ્યાત્મિકતા આવી જાય તો મનુષ્ય દુર્દશામાંથી બહાર નીકળી શકે. બાકી બીજો કોઈ ઉપાય જ નથી, તો ખરેખર આધ્યાત્મિકતા શું છે તે સમજવું જરૂરી છે. આધ્યાત્મિકતા એટલે આત્મચેતનાને જાગૃત કરવી. અંતર્મુખતાની ગુફામાં જઈ સ્વયંનું નિરીક્ષણ કરવું, આત્મચિંતન કરવું, આત્મદર્શન કરવું, ખરેખર તો મનુષ્ય એક ચેતન શક્તિ આત્મા જ્યોતિ બિંદુ સ્વરૂપ યા એક દિવ્ય પ્રકાશપુંજ છે. મનુષ્ય આત્માના ઓરિજીનલ

ગુણો તો શ્રેષ્ઠ જ છે. જ્ઞાન સ્વરૂપ, પવિત્ર સ્વરૂપ, શાંત સ્વરૂપ, સુખ સ્વરૂપ, પ્રેમ સ્વરૂપ, આનંદ સ્વરૂપ, શક્તિ સ્વરૂપ છે. પરંતુ મનુષ્ય આજે એ વાતને સંપૂર્ણ રીતે ભૂલી ગયો છે કે ખરેખર હું મારા ઓરિજીનલ સ્વરૂપમાં શ્રેષ્ઠ છું. આધ્યાત્મિક છું પરંતુ પરિવાર, સમાજ, પદ, પ્રતિષ્ઠા અને ધન એકઠું કરવામાં પોતાની મૂળ પ્રવૃતિને સંપૂર્ણ રીતે ભૂલી ચૂક્યો છે. એ ભૂલને કારણે એ પોતાને આધ્યાત્મિકતાથી અલગ સમજે છે. આજના સંસારમાં મનુષ્ય પાસે બધું જ છે. પરંતુ મનની શાંતિ નથી તો મનની શાંતિ માટે (પ્રેયર) પ્રાર્થના ધ્યાન યા મેડીટેશન કરવું પડે. તો પરમાત્માનું ધ્યાન, પ્રાર્થના યા મેડીટેશન એ પણ એક આધ્યાત્મિકતા જ છે. મનુષ્ય એક આધ્યાત્મિક જીવ આત્મા છે. પ્રકૃતિનો શાશ્વત નિયમ આધ્યાત્મિકતા છે. જ્યાં પ્રકૃતિ છે ત્યાં આધ્યાત્મિકતા છે. કહે છે કે પ્રકૃતિની વિરૂદ્ધ જે પણ કર્મ થાય છે તે વિકૃતિ છે. વિકૃતિ એટલે કામ, ક્રોધ, લોભ, મોહ, દેહ અભિમાન, વિકૃતિમાં આધ્યાત્મિકતા ન હોય, કેવળ દુઃખ અશાંતિ પરાજય, પતન વગેરે હોય છે. જે મનુષ્યની પ્રકૃતિ યા સ્વભાવ સંસ્કાર સારા છે. તેમનું જીવન શ્રેષ્ઠ સુંદર, વહેતી નદી સમાન નિર્બંધન ગતિથી પોતાના લક્ષ તરફ આગળ વધતું જાય છે. એમના જીવનમાં સદા વિકાસ, પ્રગતિ સાથે આધ્યાત્મિકતાની સુગંધ ફેલાવે છે. આધ્યાત્મિકતાનો નિયમ એ છે કે એ હંમેશાં મનુષ્યને સાચા માર્ગ પર ચાલવા માટે પ્રેરિત કરે છે. માટે આધ્યાત્મિકતા આંતરિક સત્યતાનું દર્પણ છે. આધ્યાત્મિક વ્યક્તિ અંતર આત્માની ગહેરાઈમાં જઈને જુએ છે કે મારા જીવનનો મર્મ શું છે ? શું બાહ્ય સ્વરૂપ દેહ દેહના સંબંધ પદાર્થ વસ્તુ વૈભવમાં જ આસક્ત રહી મોહ માયામાં જ જીવન પૂરું કરવાનું છે ? નહીં.... મનુષ્ય જીવન તો ભગવાન તરફથી મળેલ એક સુંદર ભેટ છે. ઉપહાર છે તેને મારે શ્રેષ્ઠ બનાવી સદા શ્રેષ્ઠ કર્મ કરવા છે. તે સદા એ વિચારે છે કે મનુષ્ય પાસે ભલે સુખ સમૃદ્ધિના અનેક સાધન હોય ખૂબ સંપતિ હોય તેનાથી કોઈ મહાન બની નથી શકતા. આધ્યાત્મિક શક્તિને ધારણ કરનાર મનુષ્ય જ મહાન કહેવાય છે. તેમને લોકો વંદન કરે છે. નમન કરે છે. આધ્યાત્મિકતા મનુષ્યને મહાન બનાવે છે.

આધ્યાત્મિક મનુષ્ય કોને કહેવાય ?

- જેના આચાર-વિચાર અને વ્યવહાર શ્રેષ્ઠ હોય છે.
- જેનું ખાન-પાન શુદ્ધ અને સાત્વિક હોય.
- જેનું સાદું જીવન અને ઉંચા વિચારો તથા પોતાની પાસે જે કાંઈ છે, સાધન સંપતિ તે લોકોના કલ્યાણ માટે ઉપયોગ કરે છે. માટે કહે છે કે સ્વયંને માટે તો બધા બધું જ કરે છે. પોતાના પરિવાર માટે પણ બધા બધું જ કરે છે પરંતુ બીજાના માટે (પરાયા માટે) જે જીવન જીવે છે. તે આ ધરતીનો ભગવાન કહેવાય છે. તો આધ્યાત્મિક વ્યક્તિ લોક કલ્યાણ અર્થ સર્વ કાંઈ કરે છે.
- જેના જીવનમાં સત્યતા, અહિંસા, પ્રેમ, પવિત્રતા હોય છે.
- જેના જીવનમાં આત્મિક શાંતિ હોય, મન શાંત શીતળ હોય છે.
- જેની દ્રષ્ટિ, વૃત્તિ, શ્રેષ્ઠ, પવિત્ર હોય છે. તેની ચાલ ચલન પણ શ્રેષ્ઠ હોય છે.
- જેના હરબોલ અને હર કર્મ શ્રેષ્ઠ ઉંચા અને આદર્શ હોય છે.
- જેનું દિલ સદા રહમદિલ - સહનશીલ હોય છે.

(અનુસંધાન પેજ નં. ૩૨ પર)

જો હિંમત ન હારે વો જિંદગી સંવારે

બ્ર.કુ. નરેન્દ્ર પટેલ, અલકાપુરી, વડોદરા

ડર અને ચિંતા માનવજાતના બે મોટા શત્રુ છે, ડરને કારણે માનવી સમજી નથી શકતો કે પોતાને શું થાય છે. જિંદગી જડ, અર્થહીન અને રેટીયાળ બની જાય છે. નવું કાંઈ પણ કરવાનો રચનાત્મક કરવાનો ઉત્સાહ જ નથી રહેતો. એટલે જ ડરને માનવજાતનો સૌથી મોટો દુશ્મન કહી શકાય.

ડરને કારણે હતાશાની લાગણી ઉત્પન્ન થાય છે. કોઈકને કાંઈક ખોવાનો ડર છે. કોઈને સ્વજનથી વિખૂટા પડવાનો ડર છે. કોઈને ધંધામાં ખોટ જવાનો ડર છે, કોઈને નોકરી છુટવાનો ડર છે. કોઈને બીમાર પડવાનો ડર છે. કોઈને ખુશીઓ ગુમાવવાનો ડર છે, કોઈને મૃત્યુનો ડર છે, કોઈને ઈર્ષ્યાનો ડર છે, કોઈને અપમાનનો ડર છે, કોઈને પોસ્ટ પોઝીશન ગુમાવવાનો ડર છે. ઘણા બ્લડ પ્રેશર નથી મપાવતા કે હાઈ બી.પી. નીકળશે તો ?? - મસાલેદાર ખાવાનું બંધ થઈ જશે. ઘણા બ્લડસુગર નથી મપાવતા કે ડાયાબીટીશ નીકળશે તો તળેલું-ગળ્યું ખાવાનું બંધ થઈ જશે.

ભય અનેક પ્રકારના છે.

૧. Fear of Death - મૃત્યુનો ભય. સૌથી મોટો ભય - અન્યના મૃત્યુનો. તેનાથી ય વધારે પોતાના જ મૃત્યુનો ડર. મૃત્યુ તો મહોત્સવ ગણાય. જેણે પરીક્ષાની સારી તૈયારી કરી હોય તેને પરીક્ષાનો ડર ન લાગે તેમ જેણે જીવનભર સત્કર્મોની બેગ-બેગેજ તૈયાર કરી હોય તેને એકદમ ઉપડી જવાનો ડર ન લાગે.

એક મૂર્તિકાર મૃત્યુ નજદિક આવ્યું ત્યારે પોતાની જ પ્રતિકૃતિ એવી ૭ મૂર્તિઓ તૈયાર કરી. યમદૂત આવ્યા તે પૂર્વે તે તેની જ સાથે ઉભો રહી ગયો. યમદૂત પણ આશ્ચર્યમાં પડી ગયો મારે કોને લઈ જવાના છે ? પછી તેણે કળાકારીગરીના ખૂબ વખાણ કર્યા - શું કળા છે. સહેજ પણ ભૂલ નથી. કારીગરે આબેહૂબ જ બધા પૂતળા બનાવ્યા છે. આવો કારીગર તો ઈનામને પાત્ર છે. કારીગરથી વખાણ સહન ન થયા. તે કહે મેં જ બધા બનાવ્યા છે. યમદૂત તેને લઈને ઉપડી ગયો. મૃત્યુનો ડર સૌથી વધારે હોવાનું કારણ આપણું ભવિષ્ય શું છે તે વિષે બિલકુલ અજ્ઞાત છીએ. આત્મા કે શરીર છોડીને બીજુ લે છે. કર્મો જેવા કરીશું તે પ્રમાણે બીજો જન્મ મળવાનો જ છે. તો પરમાત્માની યાદમાં, પરમાત્મા શિવબાબાના સાથમાં કરેલા સત્કર્મોને કારણે મૃત્યુનો ડર ન હોય પણ તેને આવકારવા આપણે તૈયાર જ હોઈએ. "Death is a change of Dress and Address" (મૃત્યુ એટલે ડ્રેસ-શરીર અને રહેઠાણનું સરનામું બદલાવું તે છે.)

૨. Fear of Disfigurement - એક્સીડન્ટ. કોઈ રોગ કે ઓપરેશન પછી શરીરનું કોઈ અંગ ગુમાવવાનો, વિકલાંગ બની જવાનો ડર. કેન્સર કે અન્ય કારણોસર કોઈ અંગ કાપવું પડે કે વાળ ગુમાવવા પડે, કુરૂપતા આવી પડે તેને સહન ન કરી શકવાનો ડર.

૩. Fear of Discard - અન્ય વ્યક્તિઓના શુભેચ્છાના લીસ્ટમાંથી આપણે ફેંકાઈ જઈશું. તેઓ **આપણો બહિષ્કાર કરશે** તેવો ડર.

૪. Fear to take Decision - નિર્ણય લેવાનો ડર. ખોટો નિર્ણય લેવાઈ ગયો તો શું થશે ?

તેવો ડર. ખોટા નિર્ણયને કારણે સરળ જિંદગી મુશ્કેલ બની જશે કે સંબંધીઓ સાથ છોડી દેશે તેવો ડર.

૫. Fear of Disability - **પોતાની અક્ષમતાનો.** મારામાં કાર્ય કરવાની ક્ષમતા જ નથી. તેથી હું જો એકલો કે બધાની સાથે કાર્ય શરૂ કરીશ તો મારી અક્ષમતા ઉઘાડી પડી જશે અને બધાની સમક્ષ હું ખુલ્લો પડી જઈશ. તો મારે નોકરી ગુમાવવી પડશે, મારું સ્ટેટસ ગુમાવવું પડશે તેવો ડર.

૬. Fear of Disregard - **લોકો કદાચ મારો આદર નહીં કરે તો ?** તેઓ એ મને બોલાવ્યો છે પણ હું ત્યાં જાઉં ત્યારે મારો આદર સત્કાર નહીં કરે તો ? મારું તેઓ બધાની વચ્ચે અપમાન કરી નાંખશે તો ? મારી ટીકા કરશે તો ? કદાચ હું તે સહન નહીં કરી શકું. નિરાશ થઈ જઈશ કે ડીપ્રેશનમાં સરી પડીશ તો શું ?

૭. Fear of Disease - **નાની બીમારી હોય તો ડર કે મોટી બીમારીમાં બદલાઈ તો નહીં જાય ને.** લેબટેસ્ટ કરાવ્યા છે તેમાં કોઈ બીમારી તો નહીં નીકળી આવે ને.... છાતીમાં દુખાવો ક્યાંક હાર્ટ એટેક તો નથી ને.... વરસાદમાં પલળવાથી ન્યૂમોનીયા તો નહીં થઈ જાય ને..... એક વખત એક શહેરમાં પ્લેગ ફેલાયો. યમરાજને એક વ્યક્તિએ આવતા જોયા. કેમ આવ્યા છો ? એક હજાર લોકોને લઈ જવા. પણ ૫,૦૦૦ લોકોના મૃત્યુ થયા. ફરી યમરાજ દેખાયા તો પૂછ્યું તમે તો ૧,૦૦૦ લોકોને લઈ જવાનું કહેતા હતા અને મૃત્યુ તો ૫,૦૦૦ થયા. યમરાજ કહે મારે તો પ્લેગને કારણે ૧,૦૦૦ જ લોકોને લઈ જવાના હતા. વધારાના ૪,૦૦૦ તો પ્લેગના ડરને કારણે જ મરી ગયા.

૮. Fear of Discontentment - **અસંતુષ્ટતાનો ભય.** અસફળતાનો ડર જીવનમાં અસંતુષ્ટતા પેદા કરે છે. તેઓને લાગે છે કે તેઓ જીવનમાં ડગલે ને પગલે અસફળ થવા જ સર્જાયા છે. તેમનું નસીબ જ ખૂબ ખરાબ છે કે તેઓને તેમના કોઈપણ કાર્ય બદલ ક્યારેય શાબાશી મળશે જ નહીં. તેમના ભાગ્યમાં લોકોની ઘૃણા જ લખાયેલી છે. લોકો તેમને વ્યંગભરી નજરથી જ જુએ છે. જીવનને સતત તેઓ નકારાત્મકતાથી જ જુએ છે અને અસંતુષ્ટતાને કારણે વારંવાર મરવાનો જ વિચાર આવ્યા કરે છે.

ડર કેમ અનુભવાય છે ?

૧. એકવાર **નાનકડી બાબતમાં ડર** અંદર મનમાં પેસી જાય તો વારંવાર ડર લાગે. વરસાદમાં પલળ્યા તો અંદરથી થાય કે હવે શરદી કે તાવ આવશે જ. પાણીમાં ડૂબતા બચ્યા તો પાણીમાં પગ મૂકતા પણ ડર લાગે. નાનો બાળક બધી જ વસ્તુ હાથમાં લેવા ઈચ્છે. ગરમ વસ્તુને અડી જાય અને દાઝી જાય તો જીવનભર તે વસ્તુને ઠંડી હોય તો પણ અડતા ડર લાગે. વંદા-ગરોળી-ઉંદરનો ડર તો ઘણા બહેનોને લાગે. વાસ્તવમાં તો તે આપણાથી ડરતા હોય પણ આપણે જ ડરથી તેનાથી દૂર ભાગીએ. એક બેનને કાર ચલાવતા અકસ્માત થયો. થોડું વાગ્યું. પણ મનમાં ડર પેસી ગયો પછી ડ્રાઈવીંગ જ છોડી દીધું. મોટી ઉંમરના તેમના પિતા કાર ચલાવે છે. ઘરની જ ગાડી હોવા છતાં યુવાન બેન હવે કાર ચલાવતા જ નથી. પણ આવા સમયે જેટલું બને તેટલું જલદીથી ડ્રાઈવ કરવાનું શરૂ કરી દેવું જોઈએ. પહેલાં એકાંત રસ્તે કે ખાલી મેદાનમાં પછી થોડા ભીડવાળા એમ કરતા ક્રમશ: ડર દૂર થઈ શકે.

૨. આત્મ વિશ્વાસનો અભાવ - શ્રોતાઓ સમક્ષ ભાષણ કરવાનું છે તો ડર લાગે. તૈયારી ઘણી છે પણ બોલી જ ન શકાય. એક નાનકડી

સુંદર બાળા નૃત્યના નાના મોટા બધા જ સ્ટેપ ખૂબ સરળ રીતે આપણે બેઠા હોય ત્યારે કરી બતાવે. પણ સ્ટેજ પર શ્રોતાઓ સમક્ષ તેને રજૂ કરી. એક બે સ્ટેપ કર્યા અને રડી પડી.... ડર....

૩. નર્વસ થઈ જવાય - કોઈને પ્રભાવિત કરવાની ઈચ્છા સાથેનો આપણો વ્યવહાર - બોલ - એક પ્રકારનો ભય અંદર ઉભો કરે છે કે તે પ્રભાવિત થશે કે નહીં અથવા તો હું જેવો છું તેવો તે મને ઓળખી તો નહીં જાય ને. અથવા હું જે કહેવા માગું છું તે સમજશે કે નહીં, મને ઉલ્ટું તો નહીં સમજી બેસે ને... ભાષણની સુંદર તૈયારી પછી ડર લાગે કે શ્રોતાઓ હસશે તો નહીં ને, મારી ઠેકડી તો નહીં ઉડાડે ને .... પણ તેને બદલે એ વિચારીને તૈયારી કરવી જોઈએ કે શા માટે બોલવાનું છે, કેવી રીતે રજૂઆત કરવાની છે, મારું આ કહેવા પાછળ લક્ષ્ય શું છે ? હોમવર્ક (તૈયારી) વધુ સારી રીતે કરીએ. દર્પણ સામે ઉભા રહીને ભાષણ કરીએ અથવા તો અમૃતવેળા - વહેલી સવારે સામે પબ્લીકને મનથી ઈમર્જ કરીને ખૂબ આત્મવિશ્વાસથી મનમાં જ બોલી જઈએ તો આત્મવિશ્વાસ વધી જાય. ડર ભાગી જાય. અન્ય કોઈ સાથેની મીસઅંડરસ્ટેન્ડીંગ વાતચીતના માધ્યમથી દૂર કરી શકાય. ખોટું અગર થઈ જાય, ભૂલ થાય તો સુધારી લઈએ. થોડા એટેન્શનથી લઘુતાગ્રંથીથી મુક્ત થઈ શકાય.

૪. કાર્ય કરવાનો ડર - જે કાર્ય હું કરીશ તેમાં સફળતા મળશે કે નહીં તેવી આશંકા અને ડર. જેમ વિદ્યાર્થી સુંદર એવી તૈયારી હોવા છતાં ડરને કારણે પરીક્ષાનું પેપર સામે આવે તો આવડતા પ્રશ્નોના જવાબ પણ ભૂલી જાય. તેવી રીતે કોઈ પણ નવું કાર્ય કરવાનું હોય તો ડર લાગે કે બરાબર થશે કે નહીં. એટલે ઘણા બધા વ્યક્તિઓ કાર્ય કરતા હોય ત્યારે સામે કોઈ ઉભુ કે બેઠું હોય અને તેમના કાર્યનું નિરીક્ષણ કરતું હોય તો ડીસ્ટર્બ થઈ જાય છે, કાર્ય સારી રીતે નથી કરી શકતા.

શિવબાબાએ એટલે જ કહ્યું છે કે - તૂં એક કદમ જો મારી પાસે આવીશ તો તને મદદ કરવા હું તારી તરફ હજાર કદમ આવીશ પણ પ્રથમ કદમ તો આપણું જોઈએ ને. કદમ જ ન ઉપાડીએ તો ઝીરો ગુણ્યા ગમે તેટલા કરીએ તો જવાબ ઝીરો જ આવે.

૫. અનુભવનો અભાવ - પ્રથમવાર કે શરૂઆતના પ્રવચનોમાં ઘણા બધાને ડર લાગે તે અબ્રાહમ લિંકન, ચર્ચિલ વગેરે સર્વએ અનુભવેલું છે, પણ અનુભવ મળતો જાય એટલે તેમાં સુધારો થતો જાય.... પછી તો તમારા પ્રવચનની બધા રાહ જુએ કે હવે શું નવું બોલશે. કઈ નવી વાતો - નવા વિચારો સાંભળવા જાણવા મળશે એવી ઉત્કંઠા તમારા પ્રત્યે ઘરાવતા થઈ જશે.

૬. નાનપણથી જ અમુક ડર મનમાં ઘૂસી જાય - નાના બાળકો ઘર બહાર વારંવાર નીકળી જતા હોય તો મા-બાપ-વડીલો ડરાવે કે જો બહાર જઈશ તો બિલાડી કે કૂતરો ઉપાડી જશે. એટલે ડર મનમાં ઘૂસી જાય. મોટા થયા બાદ પણ તે ડર કાયમ રહે. નેપોલીયને યુદ્ધમાં વિજયો ઘણા મેળવ્યા પણ બિલાડીથી ડરતો.

૭. શરમાળ સ્વભાવ - પણ ડર ઉત્પન્ન કરે. એટલે સ્વભાવમાં પરિવર્તન લાવીએ. શિવબાબા એ આ વિશ્વવિદ્યાલય રૂપી વિશાળ પરિવાર રચ્યો છે. જેમાં બધા જ આપસમાં ભાઈ-બહેનો છે. પરિવારમાં સહજતા હોય. બધા સરળતાથી એકબીજા સાથે બોલતા હોય એટલે પરિવારમાં સર્વ સાથે હળી ભળીને સ્વભાવને બદલી કાઢીએ. નકારાત્મક ભાવો મનમાંથી દૂર કરીએ. રાજયોગ તેમાં ખૂબ સકારાત્મક ભાગ ભજવે છે. આપણામાં આત્મવિશ્વાસ જગાડે છે. દુનિયામાં નહીં જીસકા

કોઈ ઉસકા ખુદા હૈં તો ખુદા દોસ્તનો સાથ આપણી લઘુતાગ્રંથીને દૂર કરે છે.

ડરથી મુક્તિ કેવી રીતે મળે ?

૧. ડરને સમજવાની જરૂર છે. પોતાનું આત્મવિશ્લેષણ કરીએ કે મને શાનો ડર લાગે છે. તે કાર્ય સામે ચાલીને કરીએ એટલે કે ડરને પડકારીએ તો ડર ભાગી જાય.

૨. કોઈ પણ પ્રકારનું અનુમાન ન કરીએ. અનુમાન મનમાં ડર-ભય ઉત્પન્ન કરે છે. કોઈ મારા પર હસશે કે ટીકા કરશે, ટોણા મારશે એવા અનુમાનો ન કરીએ. મનમાં સ્વયં માટેનું પોઝીટીવ સુંદર પીક્ચર ઉભુ કરીએ કે બધા મને ચાહે છે, મારું ઘણું બધું ધ્યાન રાખે છે.

૩. ટીકાઓથી ન ડરીએ. આજના કળીયુગના સમયમાં કોઈ એક વ્યક્તિ આગળ જાય, પ્રગતિને પ્રાપ્ત થાય એટલે તેને નીચે પાડવા બધા ટીકા કરે એ સહજ બાબત છે. એટલે તેઓની ટીકામાં કોઈ વજૂદ હોય તો સ્વપરિવર્તન કરીએ જેથી તે ટીકા કરતા બંધ થઈ જશે. અને જો તેમની ટીકાઓ ખોટી હોય તો 'ડોન્ટ કેર' કરીએ.

૪. એકલા પડી જવાનો ડર. કોઈ જોખમભર્યું કાર્ય હાથમાં લઈએ ત્યારે મિત્રો કે સગાસંબંધીઓ છોડી જશે તેવો ડર. બધાને એકબીજાની જરૂર છે. કોઈ એકલા જીવી જ નથી શકતું એટલે બધા ટીકા કરશે. તમે કાંઈક નવું - કાંઈક જુદુ કરશો એટલે એકલા પાડી દેશે, શરૂઆતમાં તમારો સાથ છોડી દેશે તમને ડરાવશે પણ માર્ગ છોડવાની જરૂર નથી. કોલંબસ જ્યારે દરિયામાર્ગે ભારત દેશ ખોળવા નીકળ્યો ત્યારે બધાએ ડરાવ્યો કે પૃથ્વી ચોરસ છે એટલે તેનો છેવાડો આવી જશે તો તારું વહાણ નીચે પડી જશે પણ તે ડર્યો નહીં. એટલે કશું નવું કરીએ. ત્યારે બધા વિરોધ કરશે, કદાચ તમારો સાથ છોડી પણ દે પણ જ્યારે તમને સફળતા મળશે ત્યારે તેઓ જ કહેશે કે અમને તો ખબર જ હતી કે તમે કાંઈક નવું જ કરી બતાવશો.

૫. કાર્યને કરવાથી મોટામાં મોટુ મને શું નુકસાન થશે તેની તૈયારી રાખીએ. મનને જો આ બાબતે પહેલેથી તૈયાર રાખીએ તો ડર નહીં લાગે. બૌદ્ધ ધર્મના પ્રચારાર્થે નીકળેલા શિષ્યોને ગૌતમ બુદ્ધે પૂછ્યું કે - 'તમે જશો તેઓને ધર્મલાભ આપવા જશો અને તેઓ તમારૂં કાંઇ જ નહીં સાંભળે તો તમે શું કરશો ?' તો શિષ્યોએ કહ્યું - 'અમે એમ વિચારીશું કે તેઓ અમારી સાથે ઝગડો તો નથી કરતાને.'.. બુદ્ધે પૂછ્યું - 'જો તેઓ ઝગડો કરશે તો ?' તો અમે સમજીશું કે સારું છે કે તેઓ અમને મારતા નથી. - 'જો મારશે તો?' - 'તો અમે સમજીશું કે અમને મારી તો નથી નાંખતાને ?' ત્યારે ગૌતમ બુદ્ધે કહ્યું કે - 'તેઓ તમને મારી નાંખશે તો ?' - શિષ્યોએ જણાવ્યું કે - 'ધર્મના કાર્યાર્થે મરીશું તો તેનાથી વળી સારું શું કહેવાય? સારા કાર્ય માટે મરવું તે પણ ઉત્તમ જ વાત છે ને.'.. આવી નીડરપણાની ભાવનાથી જ ધર્મનો પ્રચાર પ્રસાર ખૂબ થયો. એક કવિએ કહ્યું છે કે હે બંદે ભગવાન સે ડર, ઈન્સાન સે મત ડર. તે બાબતે એક ડોક્ટરે હસતા હસતા કહ્યું કે તમે ભગવાનથી ડરો નહીં તો તે તમને ડોક્ટર પાસે મોકલી દેશે અને તમે ડોક્ટરથી ડરો આદર કરો નહીં તો તે તમને ભગવાન પાસે મોકલી દેશે. ભગવાનનો ડર રાખવો એટલે બૂરા કાર્ય ન કરવા, નેકી - સચ્ચાઈ - પ્રમાણિકતાથી કાર્ય કરવું. બાકી ઈશ્વર તો સર્વનો પિતા છે, પિતાથી વળી ડર કેવો.

૬. વર્તમાનમાં જીવીએ. ડર તો ભવિષ્યની ચિંતાથી ઉત્પન્ન થયેલો છે. ભવિષ્ય તો હજુ સામે આવેલું જ નથી. કોઈને પણ ખબર નથી કે ભવિષ્યમાં શું થશે. "Future is Mystery"

(ભવિષ્ય રહસ્યમય છે) એટલે ચિંતા વિહીન વર્તમાનમાં જીવીએ.

૭. લઘુતાગ્રંથી ન રાખીએ. વિચારો કે I am unique in this world. દરેક વ્યક્તિ અલગ છે. દરેકની ઓળખ તેમના ચહેરા, શારીરિક બાંધો, આંખો, આંગળીઓની છાપ અલગ જ છે. દરેકની પોતાની વિશેષતા છે. એટલે વિચારો કે "I am Ok you are Ok" (હું બરાબર છું - તમે પણ બરાબર છો.) તો દરેક તરફથી તમને સારો સપોર્ટ મળશે. શુભ ભાવ પ્રાપ્ત થશે.

૮. સફળતા મારો જન્મસિદ્ધ અધિકાર છે. ટીળકે કહેલું કે સ્વરાજ્ય મારો જન્મ સિદ્ધ અધિકાર છે અને આપણે તે અધિકાર - સ્વાતંત્ર્ય મેળવી શક્યા. ઠીક આ રીતે શિવબાબા પણ કહે છે કે સફળતા તો તમારો જન્મસિદ્ધ અધિકાર છે. તમે જે ચાહો તે કરવાને શક્તિશાળી છો. તે માટે શિવબાબાને સાથી બનાવી દઈએ. યાદ રાખો કે If God is for us, who can be against us (જો ભગવાન આપણી સાથે છે તો કોણ આપણી વિરૂદ્ધ - નુકસાન કર્તા હોઈ શકે)

૯. આપણી વિશેષતાને કાર્યમાં લગાડીએ. તમારામાં વાતને સારી રીતે રજૂ કરવાની આવડત હોય તો નાના નાના ગ્રૂપમાં દર્શાવતા રહીએ. જેથી કરીને મોટા ગ્રૂપમાં રજૂ કરી શકાશે. દસમા ધોરણમાં અંગ્રેજી વિષયમાં નપાસ થયેલા સચીન તેંદુલકરનો દસમા ધોરણના અંગ્રેજી પાઠ્યક્રમમાં તેણે મેળવેલ ક્રિકેટની સિદ્ધિઓને દર્શાવતો પાઠ હાલના અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવેલો છે. એટલે જે પણ વિશેષતા - ભાષણ, હાસ્ય, ગીત, સંગીત, નૃત્ય, રસોઈ, રમતગમત - જે પણ ક્ષેત્રમાં હોય તેને અન્ય કાર્યો કરતા કરતા જ વિકસાવતા રહીએ જેથી આત્મવિશ્વાસમાં સતત વધારો થતો રહેશે તથા તેના થકી અન્ય ક્ષેત્રમાં પણ પ્રગતિ થતી રહશે.

૧૦. વધુ પડતા લાગણીશીલ-Emotional ન બનો. આજના સમયમાં જ્યારે કે EQ - (Emotional Quocem - ભાવુકતા આંક) કરતા વધારે મહત્વ જોવાય છે, ત્યારે વધુ પડતા ભાવનાશાળી બનવાથી જીવનમાં ઘણા નુકસાન થાય છે. વધુ પડતા ભાવનાશાળી હોવાને કારણે અનેક યુવતીઓને યુવાનો ફસાવે છે. ઈમોશનલ બ્લેકમેઈલીંગ કરે છે. વધુ પડતા ભાવુક વ્યક્તિઓનો અન્ય લોકો અનેક પ્રકારે ગેરલાભ લે છે. તેમની પાસે ખોટા કામ પણ કરાવી લે છે. વધુ પડતા લાગણીશીલ વ્યક્તિઓના નજીકના સંબંધીને એક્સીડન્ટ થાય / થવાય ત્યારે તેમની બુદ્ધિ બહેર મારી જાય છે. અને તેની સારવાર કરવાને માટે કે એમ્બ્યુલન્સ બોલાવવાને માટે વિચારવાને પણ અશક્તિમાન બની જાય છે. એટલે વધારે પડતી લાગણીશીલતાથી બચવાની જરૂર છે.

૧૧. જો હિંમત ન હારે વો જીંદગી સંવારે - એ ઉક્તિ અનુસાર જ્યારે બીજા લોકો નિષ્ફળતાથી હારીને મેદાન છોડીને ભાગતા હોય ત્યારે તમે લડતા જ રહો, ઝઝૂમતા જ રહો, કારણ કે સફળતાનો કોઈ શોર્ટકટ છે જ નહીં. કાર્યને સુવ્યવસ્થિત રીતે આયોજીત (Organised Planning) કરો.

૧૨. પરમાત્માને મિત્ર બનાવો. ભગવાનની સાથે સંબંધ જોડો, યોગ કરો. જીવનમાં નવા કોઈ સ્વપ્નો જોઈએ, જે જીવનને આપણા આદર્શોની નજીક પહોંચાડે. નવા રસ્તા ખોળીએ. જેને Creativity (સર્જનશીલતા) કહેવાય છે. આપણા આત્મવિશ્વાસને તે જગાડશે. આપણી અંદર ઘર કરી બેઠેલા કે છુપાઈ રહેલા ડરને ભગાડવા માટે ખુદાને દોસ્ત બનાવો. ખુદા શિવબાબાનો સાથ

(અનુસંધાન પેજ નં. ૧૦ પર)

ભાવનાત્મક પરિપક્વતા

બ્ર.કુ. ઈલાબેન, મેઘાણીનગર, અમદાવાદ.

માનવજીવન વિવિધતાસભર અને વિવિધરંગી છે. સપ્તરંગી મેઘધનુષ્યની જેમ માનવજીવન પણ કરુણા, ભય, ક્રોધ, પ્રેમ, આનંદ, હતાશા, ખુશી જેવા વિવિધ રંગોથી રંગાયેલું છે. સૂમસામ અંધારી રાત્રે એકલા જવાનું થાય ત્યારે ડર લાગે છે. કોઈક પ્રિયજન દૂર થઈ જાય તો શોકનો અનુભવ થાય છે. વ્યક્તિ તેના જન્મદિવસે ખુશીની અનુભૂતિ કરે છે. કોઈ અપમાન કરે ત્યારે ગુસ્સો આવે છે. કોઈ વખાણે કે પ્રશંસા કરે ત્યારે આનંદની અનુભૂતિ થાય છે. સફળતા મળે ત્યારે પ્રસન્નતા અને નિષ્ફળતામાં હતાશાનો અનુભવ થાય છે. કોઈકના માટે પ્રેમ તો કોઈકના માટે નફરત, કોઈકના માટે દયા તો કોઈકના માટે ઈર્ષ્યા પેદા થાય છે. આ પ્રકારના અનુભવો દરેક મનુષ્યને થતા હોય છે. તેને મનોવૈજ્ઞાનિકો આવેગો (Emotion) કહે છે.

આવેગો વ્યક્તિના જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ૨૧મી સદીનો માનવી પોતાની જાતને બુદ્ધિપ્રધાન ગણતો હોય છે. પરંતુ વાસ્તવમાં તે બુદ્ધિપ્રધાન કરતા આવેગપ્રધાન વધુ છે. માનવ વ્યવહાર અને માનવસંબંધોના મૂળમાં ભાવનાઓ કે આવેગો રહેલા છે. માણસની દરેક પ્રવૃત્તિ અને અનુભવોમાં આવેગો સંકળાયેલા છે. એક તરફ આવેગો વ્યક્તિના જીવનને રસપ્રદ, વિવિધતાસભર, રોમાંચક, આહ્લાદક બનાવે છે. તો બીજી તરફ આવેગો જીવનમાં સંઘર્ષ અને કડવાશ લાવે છે. આવેગોને અભિવ્યક્ત કે નિયંત્રિત કરતાં ના આવડે તો જીવન સંઘર્ષમય બની જાય છે.

આનંદ, પ્રેમ, ખુશી, કરુણા, દયા જેવા વિધાયક આવેગો વ્યક્તિત્વને સુગ્રથિત અને સ્ફૂર્તિશીલ બનાવે છે. જ્યારે ભય, ક્રોધ, ઈર્ષ્યા, ચિંતા, હતાશા જેવા નિષેધક આવેગો વ્યક્તિને વિચ્છિન્ન કરે છે અને માનસિક તંગદિલી ઉભી કરે છે. વ્યક્તિની સામે કોઈપણ પ્રકારનું ઉદ્દીપક રજૂ થાય ત્યારે વ્યક્તિ તે ઉદ્દીપકની સામે તેને અનુરૂપ પ્રતિક્રિયા આપે છે. આવી પ્રતિક્રિયા આપતી વખતે વ્યક્તિના જીવનમાં રહેલા આવેગો બહાર પ્રગટ થાય છે. જો વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિમાં વિધાયક આવેગો કરે અને નિષેધક આવેગોને કાબુમાં રાખી શકે છે તો તેને ભાવનાત્મક પરિપક્વ વ્યક્તિ તરીકે ઓળખાવી શકાય.

વર્તમાન સમયે ટેકનોલોજીના યુગમાં ગળાકાપ સ્પર્ધા, તનાવ, અસલામતી કે અસુરક્ષાની વચ્ચે આજનો યુવાવર્ગ પોતાના આવેગોને કાબુમાં રાખી શકતો નથી. કાંતો તે વધુ પડતો ભાવનાશીલ અથવા ભાવનાશૂન્ય બની જાય છે. યુવાનોનો એક વર્ગ ભાવનાઓના અભાવમાં માત્ર સ્વાર્થ, મોજમસ્તી કે કામ પૂરતા સંબંધો નિભાવવામાં માને છે. જ્યારે બીજો વર્ગ ભાવનાઓના અતિરેકમાં આવી હિંસા, આપઘાત, ભાંગફોડ, બળાત્કાર જેવા અપરાધી વર્તનના શિકાર બની જાય છે. કેટલાક લોકો આવેગોને ઊર્જાસ્ત્રોત તરીકે સ્વીકારે છે જ્યારે કેટલાક લોકો તેને કમજોરી માનીને તેનો અસ્વીકાર કરે છે.

આજનો યુવાવર્ગ અન્ય લોકોથી પ્રભાવિત થઈ આંધળુ અનુકરણ કરવા લાગે છે. તેમજ ટી.વી., ફિલ્મ, ઇન્ટરનેટ, મોબાઈલના વધુ પડતા અને વ્યર્થ ઉપયોગથી તેમની વિચારવાની શક્તિ ખતમ થઈ રહી છે. યોગ્ય માર્ગદર્શનના અભાવને કારણે યુવાનો શું કરવું અને શું ના કરવું ?

What to do and not to do ? ની સ્થિતિમાં ઝોલા ખાય છે. યુવાનો શ્રેષ્ઠ આદર્શની શોધમાં સતત પ્રયત્નશીલ રહે છે અને જીવન ધ્યેય નક્કી કરવાની મથામણ કર્યા કરે છે. પરંતુ યોગ્ય આદર્શના અભાવમાં તેમજ જીવનધ્યેય નક્કી કરવાની અસમર્થતાને કારણે યુવાનોની દિશા અને દશા બંને ચિંતાજનક છે. દિશાવિહોણા અને ધ્યેયવિહીન યુવાનોમાં અજંપો, આક્રોશ, ભય, ચિંતા, હતાશા, ગુસ્સો જેવા નિષેધક આવેગો જોવા મળે છે. તેના પરિણામે તેઓ નિષેધક વર્તન કરવા પ્રેરાય છે.

આજના યુવાનોમાં બુદ્ધિઆંક (I.Q.) વધતો જાય છે. પરંતુ ભાવનાત્મક આંક (E.Q.) ઘટતો જાય છે. તે I.Q. અને E.Q. વચ્ચે સંતુલન જાળવી શકતા નથી. I.Q. અને E.Q. વચ્ચે સંતુલન જાળવવા આધ્યાત્મિક આંક (S.Q.) ની આવશ્યકતા છે. જેનો યુવાનોમાં સદંતર અભાવ જોવા મળે છે. પરિણામે યુવાનો આવેગો પરનો કાબુ ખોઈ બેસે છે અને ભાવનાત્મક સંઘર્ષનો સામનો કરતા જોવા મળે છે.

યુવાનોમાં ભાવનાત્મક પરિપક્વતા આવે તે માટે ધ્યાનાભ્યાસ અતિ આવશ્યક છે. બ્રહ્માકુમારીઝ વિદ્યાલયમાં શીખવવામાં આવતો રાજયોગ અને મૂલ્યશિક્ષણ દિશાવિહીન યુવાનોને સાચી દિશા બતાવવાનું અને આવેગોને નિયંત્રિત કરવાનું માર્ગદર્શન આપે છે.

રાજયોગ સંચેતનાનું પરમ શાશ્વત ચેતના સાથેનું આત્માનું પરમાત્માનું સાથેનું માનસિક જોડાણ સ્થાપિત કરતી મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે. રાજયોગ ધ્યાનાભ્યાસ દ્વારા વ્યક્તિ આત્મ નિરીક્ષણ કરી પોતાની ચેતનાનો વિકાસ કરી શકે છે અને આત્મજાગૃતિ લાવી શકે છે જેનાથી કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા, દ્વેષ, ચિંતા, ભય, હતાશા જેવા નિષેધક આવેગોથી મુક્ત થાય છે.

રાજયોગ એક શિસ્ત છે જે વિચારો, ભાવનાઓ, આવેગોને શિસ્તબદ્ધ કરે છે. રાજયોગના અભ્યાસથી નકારાત્મક વિચારો અને નિષેધક આવેગોને નિયંત્રિત કરી ભાવનાત્મક સ્થિરતા પ્રાપ્ત કરી શકાય છે.

આમ, રાજયોગ ધ્યાનાભ્યાસથી યુવાનોમાં ભાવનાત્મક પરિપક્વતાનો યોગ્ય વિકાસ થઈ શકે છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૨૫નું અનુસંધાન)

આધ્યાત્મિકતાથી થતા ફાયદા

- મનુષ્યના કુસંસ્કારોને જડમૂળથી ખત્મ કરી શકે છે.
- આપણા અંદરની આંતરિક શક્તિઓને જાગૃત કરે છે.
- મનુષ્યના જીવનની શ્રેષ્ઠતાનો આધાર છે.
- મનુષ્ય જીવનની ઉન્નતિનાં દ્વાર ખોલનારી છે.
- સ્વાર્થ અને પરમાર્થને અલગ કરે છે.
- આંતરિક પવિત્રતાનું દિવ્ય દર્પણ છે.
- જીવન શૈલી સ્વયં પર નિયંત્રણ કરવાનું શીખવાડે છે.

તો આવો આપણે આપણા જીવનને આધ્યાત્મિકતા તરફ લઈ જવા માટે શુભ સંકલ્પ કરીએ. પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક આધ્યાત્મિક સંસ્થા છે. જેમાં આધ્યાત્મિક અર્થાત્ આત્મ ઉન્નતિ માટેનું જ્ઞાન તથા સહજ રાજયોગ મેડિટેશન શીખવવામાં આવે છે. જેના દ્વારા આપના જીવનમાં જરૂર આધ્યાત્મિકતા આવશે આપનું જીવન ધન્ય ધન્ય બની જશે. **॥ઓમશાંતિ ॥**

તૃષ્ણા

બ્રહ્માકુમાર વિઠ્ઠલભાઈ રીઝીયા, લાઠી

એક ખંતીલો ખેડૂત હતો. તેની પાસે વીસ વીઘા જમીન હતી. તે પોતાની જમીનમાં ખંતથી ખેતી કરતો અને આનંદથી પોતાના કુટુંબનું ગુજરાન ચલાવતો હતો. તેને રહેવા માટે સુંદર અને સુઘડ મકાન હતું. તેના બાળકો શાળામાં અભ્યાસ માટે જતાં હતાં. સુખેથી જીવન વીતતું હતું. પરંતુ માણસ કાયમ વિવેકબુદ્ધિથી વિચારીને કામ કરે અને એક દિવસ એક કામ ઉતાવળા થઈને અવિચાર્યું કરી નાખે તેનું ભયંકર પરિણામ ભોગવવામાં તે ખતમ થઈ જાય છે. એક અવગુણ બધા ગુણોને ઢાંકી દે તેમ તે પછી ઊંચો જ નથી આવી શકતો.

એક દિવસ તે ખેડૂતને દક્ષિણ બાજુનો એક માણસ મળ્યો. તેણે આ ખેડૂતને લાલચ લગાડી. 'અરે ભાઈ ! તમે અહીં ફક્ત વીસ વીઘુ જમીનમાં પડ્યાં છો. અમારે ત્યાં તો જમીનનો કોઈ આંક જ નથી. તમો તે બાજુ આવો. હું તમોને પુષ્કળ જમીન અપાવીશ.' આ સાંભળીને ખેડૂતને વધારે જમીનના માલિક થવાની મોહિની લાગી અને તેણે તે સ્વીકારી લીધું.

તેણે પોતાની વીસ વીઘા જમીન વેચી દીધી. મકાન ફેંદી નાખ્યું અને તે ઊપડ્યો દક્ષિણ બાજુ. દક્ષિણ બાજુની વાત પણ ખરી હતી. ત્યાં ખેતી કરનાર ખેડૂતોનો અભાવ હશે તેથી ખેતીની જમીનનો કોઈ આંક ન હતો.

ખેડૂતે દક્ષિણના આગેવાન ખેડૂતોને મળીને વાત કરી કે 'હું મારી ત્યાંની વીશ વીઘુ જમીન વેચીને તેના ઉપજેલા વીસ હજાર રૂપિયા લઈને આવ્યો છું. મારે તે વીસ હજાર રૂપિયાની અહીં જમીન રાખવી છે.'

આગેવાનોએ વિચાર કર્યો કે વીસ હજાર રૂપિયાની પુષ્કળ જમીન આવે તેને કેવી રીતે આપવી ? તેને આપવાની જમીનનું માપ કેમ કાઢવું?

અંતે બધા આગેવાનોએ મળીને એવું નક્કી કર્યું કે બરાબર સૂર્ય ઊગતાં પેલો ખેડૂત એક જગ્યાએથી દોડવા માંડે તે દોડીને સાંજે બરાબર સૂર્ય આથમતી વખતે તે જેટલા ઘેરાવામાં દોડીને પાછો મૂળ જગ્યાએ આવી જાય તેટલી જમીન ખેડૂતને આપવી. પેલો ખેડૂત તો આ શરત સાંભળીને ખુશ થઈ ગયો. અને નક્કી કરેલા દિવસે બધા એક જગ્યાએ ભેગા થયા.

અને બરાબર સૂર્ય ઊગતાં પેલો ખેડૂત દોડવા માંડ્યો. લોભને થોભ નહિ. પેલા ખેડૂતે શરૂઆતથી જ ખૂબ જોરથી અને ઝડપથી દોડવા માંડ્યું અને વધારે જમીન લઈ લેવા મોટો ઘેરાવો લીધો.

અંતે સૂર્ય માથા ઉપરથી નમ્યો તોપણ ખેડૂત આગળને આગળ દોડ્યે જ જાય છે. મૂળ જગ્યાએ પાછા પહોંચવાનું છે છતાં પાછો ફર્યો પણ નહિ. સૂર્ય વધારે ઢળ્યો, ખેડૂતે જેટલી તાકાત હતી તેટલી ઝડપથી શરત પ્રમાણે તેની ઉપડવાની જગ્યા તરફ દોટ માંડી. ખૂબ ઝડપથી દોડ્યો.

આ બાજુ સૂર્ય છેક આથમવા આવ્યો અને છતાં ખેડૂતને અને તેની ઉપડવાની જગ્યાને થોડું છેટું રહ્યું. જો સૂર્ય આથમી જાય અને મૂળ જગ્યાએ ખેડૂત પહોંચે નહિ તો તેને જરાપણ જમીન મળે નહિ અને પૈસા વીસ હજાર રૂપિયા જાય તેવી શરત હતી. તેથી ખેડૂત વધારે ઝડપથી દોડ્યો.

અંતે સૂર્યની એક કોર બાકી રહી. બરાબર

રસાકસી જામી. બધા કુતૂહલતાથી જોઈ રહ્યા હતા. ખેડૂતને હજુ થોડી જગ્યા દૂર હતી તેથી સૂર્ય આથમતા પહેલાં મૂળ જગ્યાએ પહોંચવા માટે ખેડૂતે કૂદકો માર્યો. કૂદકો મારતાં ખેડૂત ખૂબ થાકી ગયો હોવાથી જમીન પર પડી ગયો. તેમ છતાં પેલી જગ્યા જરા દૂર રહેવાથી ખેડૂતે જમીન પર લાંબા પડ્યાં પડ્યાં હાથ લંબાવ્યો અને બરાબર આમ સૂર્ય આથમી ગયો અને તે મૂળ જગ્યાએ અટકી ગયો. પરંતુ ખેડૂતે પડતાં, તેનો હાથ લંબાવતા ખૂબ થાકને લીધે તેના પ્રાણ નીકળી ગયા. તેનો લંબાવેલો હાથ જેમનો તેમ રહી ગયો એનો પ્રાણ અવલ મંઝિલે પહોંચી ગયો.

એ વખતે ત્યાં ઊભેલા આગેવાનોમાં કોઈ અનુભવી ડાહ્યા માણસે કહ્યું : 'હે ખેડૂત ! તારે કેટલી જમીનની જરૂર હતી ? અત્યારે તું સૂતો છે એટલી, સાડા છ ફૂટ જમીનની તારે જરૂર હતી. શા માટે આટલું દોડ્યો ?'

આવડા મોટા ઘેરાવાની જમીન અને પેલા ખેડૂતને હવે શો સંબંધ. તૂટી મરે એટલું દોડવા કરતાં શક્ય તેટલા ઘેરાવામાં શાંતિથી દોડ્યો હોત તો તે જમીન ભોગવી શક્યો હોત.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. ૧૫નું અનુસંધાન)

રેલવે - ૩૦૦ની સ્પીડથી દોડનાર ગાડીઓ છે. જેટલી વ્યવસ્થા એરોપ્લેનમાં હોતી નથી તેટલી રેલવેમાં હોય છે.

સમાનતાનો ભાવ - ત્યાં સમાનતાનો ભાવ વધારે જોવા મળ્યો. કોઈ વીઆઈપી લાગે નહીં. એક કાર્યક્રમમાં ભારતના રાજદૂત આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. તેઓ સ્વયં ગાડી ચલાવીને નીકળી ગયા. ત્યાં કોઈ પોલીસ કે લાલ લાઈટવાળી ગાડી નહોતી. વિદેશોમાં અમીર, ગરીબનો ભેદ દેખાતો નહોતો. ભારતમાં અમીર ઓળખાય છે. તેનો અહંકાર બતાવે છે કે તે અમીર છે. યૂરોપમાં ઘણાં દર્શનીય સ્થાન છે. મોટી મોટી પૌરાણિક ઈમારતો હોય છે. સ્વીટઝર્લેન્ડની ઝીલ ઘણી લાંબી છે. ભારતમાં હવામાનની વિશેષતા છે. ઠંડી માટે કાશ્મીર, ગરમી માટે દક્ષિણ ભારત, કિલ્લાઓ માટે રાજસ્થાન, બોટીંગ સાગર કિનારાઓ, ગોવા, ચળકાટવાલી દુનિયા માટે મુંબઈ, દિલ્હી, આધ્યાત્મિક સ્થળો માટે હરિદ્વાર, બનારસ, માઉન્ટ આબુ વગેરે સ્થળો છે. ભારત સર્વાંગી વિવિધતાઓથી ભરપૂર છે. જેને સમગ્ર દુનિયા વિશ્વગુરુ તરીકે જુએ છે.

બ્ર.કુ. સુભાષભાઈ, બ્ર.કુ. મહાવીરભાઈ, રાજયોગિની દાદી જાનકીજી, બી.કે. જયંતિબેન

॥ ઓમશાંતિ ॥

Printed by BK Sarlaben R. Somiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, 1, Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad - 380 028. Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

વડોદરા મંગલવાડી ખાતે 'તનાવ મુક્ત જીવન જીવવાની કળા' શિબિરમાં ભ્રાતા સ્વામીનાથનભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. રાજબેન.

વ્યારામાં 'તનાવ મુક્ત જીવન જીવવાની કળા' શિબિરનું ઉદ્‌ઘાટન કરતાં ભ્રાતા બ્ર.કુ. ઈ.વી. ગીરીશભાઈ તથા બ્ર.કુ. અરુણાબેન.

સિધ્ધપુરમાં આધ્યાત્મિક ચર્ચા તથા મુલાકાતે પધારેલ રશિયા સેંટ પીટર્સ બર્ગના ભગિની કાત્યા કામારોના સાથે બ્ર.કુ. વિજયાબેન.

વહેલાલમાં શરદોત્સવની ઉજવણી કાર્યક્રમમાં અનંતામયી માં, બ્ર.કુ. ચંદ્રિકાબેન તથા ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. આરતીબેન.

માળીયા હાટીના સેવાકેન્દ્રમાં 'રાજયોગ અનુભૂતિ' કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં ભ્રાતા રાજેશભાઈ સાથે બ્ર.કુ. મીતાબેન.

સાઘલીમાં ભારત સ્કુલ ખાતે રાજયોગની સમજુતી આપ્યા બાદ આચાર્ય ભ્રાતા અશોકભાઈ, બ્ર.કુ. જ્યોતિબેન તથા બ્ર.કુ. પારુલબેન.

મણિયાસા સેવાકેન્દ્ર દ્વારા આયોજીત 'ચૈતન્ય દેવીઓની ઝાંખી'ના દૃશ્ય સાથે બ્ર.કુ. સંગીતાબેન તથા બ્ર.કુ. રીટાબેન.

કાલીપુરાના લોકમેળામાં 'ચૈતન્ય દેવીઓ'ની ઝાંખી કાર્યક્રમમાં બ્ર.કુ. શોભાબેન તથા બ્ર.કુ. મોહિનીબેન.

Gyan Amrit
Vol.9 | Issue 1 | January 2016 | Retail Price - 10/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2014-2016 Vaild up to 31st December-2016 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

અમદાવાદ મહાદેવનગર દ્વારા આયોજીત 'ફ્યુચર ઑફ પાવર કાર્યક્રમ'માં ભારત અને વિદેશોના વિશિષ્ઠ યુવાઓ સાથે આદરણીય રતનમોહિની દાદીજી, આદરણીય સરલાદીદીજી, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. શિવાનીબેન, ભ્રાતા નિઝાર જુમા.

અમદાવાદ મહાદેવનગર દ્વારા આયોજીત FOP કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યા બાદ યુવાન મહાનુભાવો સાથે બ્ર.કુ. ચંદ્રિકાબેન, ભ્રાતા રાહુલ રૉય, ભ્રાતા અજય ઉમટ, બ્ર.કુ. શિવાનીબેન, ભ્રાતા નિઝાર જુમા, રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ. શારદાબેન તથા આમંત્રિત અતિથિગણ.

અમદાવાદ સુખશાંતિભવનમાં પધારેલ ગુજરાત યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ભ્રાતા ડૉ. હિમાંશુભાઈ પટેલનું સ્વાગત કરતાં બ્ર.કુ. નેહાબેન, સાથે શિક્ષા પ્રભાગના રાષ્ટ્રીય સંયોજક ડૉ. હરીશભાઈ શુક્લ તથા પરિવાર.

ભરુચ ઝાડેશ્વર સેવાકેન્દ્ર દ્વારા આયોજીત 'આધ્યાત્મિક મેળા'નું ઉદ્ઘાટન કરતાં ગુજરાતનાં પૂર્વ વન અને શહેરી વિકાસ મંત્રી ભ્રાતા ખુમાનસિંહ વાંસીયા, ભરુચ જીલ્લા પંચાયતના પ્રમુખ ભ્રાતા મનહરસિંહ ગોહિલ, ડેપ્યુટી કલેકટર ભ્રાતા એન. આર. ધાંધલ, ઝાડેશ્વર ગ્રામ પંચાયતના સરપંચ ભ્રાતા નરેશભાઈ પટેલ સાથે બ્ર.કુ. પ્રભાબેન. કાર્યક્રમમાં પધારેલ મામલતદાર ભ્રાતા નીતિનભાઈ પટેલને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. પ્રભાબેન.